



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૫ | અંક : ૫૮ | ફેબ્રુઆરી-૨૦૧૨**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | નામ ધર્માદો | ૦૪ |
| ૦૪. | પ્રસાદીની રાખડી | ૦૬ |
| ૦૫. | શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી અમૃત વચનો | ૦૭ |
| ૦૬. | આને આ દેહે આત્યંતિક મોક્ષ પામવાનો સરળ રસ્તો | ૧૦ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૨ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૫ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૬ |

# ॥ અસ્મદીયમ્ ॥

સૂર્યનારાયણ દેવનું મકર રાશિમાં પરિભ્રમણ થયું છતાં ઠંડીનું જોર ચાલું છે. આ વરસે ઠંડીની શરૂઆત પણ મોડી થઈ છે. સારી ઠંડીથી ખેત પેદાશ પણ સારી લહેરી ઉઠી છે. સમગ્ર રાજ્યમાં ખેતરોમાં ધન્ય ધાન્ય સારું પાકશે. ખેડૂતો આનંદમાં છે. ખેડૂત સુખી હશે તો દેશ સુખી થવાનો છે તેમાં બે મત નથી. કારણ કે આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે.

ગત માસમાં આપણા દરેક મંદિરોમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં શાકોત્સવ ખૂબ ઉજવાયા. શાકોત્સવ નિમિત્તે સત્સંગીઓ સાથે અન્ય જનો જોડાય અને તે આપણા આવા ઉત્સવ સમૈયાના દર્શન કરે તો સહેજે સહેજે તેને સત્સંગનો રંગ લાગે તેથી વહેલો મોડો પણ સત્સંગી થાય અને અંત સમયે આવા સમૈયા જો યાદ રહી જાય તો ગમે તેવા જીવનું પણ રૂડું થાય. તેથી જ મહારાજે આવા સમૈયાનું આયોજન કર્યું છે.

મૂળી મંદિરમાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરંપરાગત વસંતોત્સવ રંગોત્સવ ધામધૂમથી ઉજવાયો. ઝાલાવાડ-હાલાર, પાંચાળ અને ભાલ દેશના હરિભક્તોએ મન મૂકીને ઉત્સવને માણીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે કેસૂડાના રંગથી રંગાઈને જીવન કૃતાર્થ કર્યું. હવે પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે. દેશ વિદેશના સર્વે હરિભક્તોને આ પ્રસંગે દર્શનનો લાભ લેવા ખાસ અનુરોધ છે. ઓસ્ટ્રેલીયાના મેલબોર્નમાં આપણા શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ. આમ ઓસ્ટ્રેલીયામાં પણ સત્સંગીઓની સંખ્યા વધતા નવા મંદિરો નિર્માણ થતા જાય છે તે ખૂબ આનંદની વાત છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૧૨)



૧. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨ થી ૩ રામપર (કચ્છ) પધરામણી.
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૫. જુના ઘાટીલા ગામે (મૂળીદેશ તા. હળવદ) પારાયણ પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ પારાયણ પ્રસંગે પધરામણી.
૭. અંબોડ (જી. ગાંધીનગર) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૮. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણસા આયોજીત
યુવા સંમેલન પ્રસંગે પધરામણી.
વાવોલ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૯. શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા કથા પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર સમૌ કથા અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર લસુન્દ્રા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪-૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર સુખપર (કચ્છ)નરનારાયણ નગર પધરામણી.
૧૭. ચરાડવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર બોરણા (મૂળીદેશ તા. ચૂડા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૯. પ.ભ. ભરતભાઈ કાનજીભાઈ મુલાણીને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.
૨૦-૨૧. બળદીયા (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.
૨૨ જાન્યુઆરી-૨૦૧૨ થી ૪ ફેબ્રુઆરી-૨૦૧૨ મેલબોર્ન (ઓસ્ટ્રેલીયા) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને સત્સંગ વિચરણ પ્રચારાર્થે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૧૨)



૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમીના પાટોત્સવ અને રંગોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ઉવારસદ મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

# નામ ધર્માદો

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



શિક્ષાપત્રી શ્લોક નં.૧૪૭ માં ભગવાનશ્રી સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે લખ્યું છે કે; ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃતિ અને ઉદ્યમ થકી પામ્યુ જે ધન ધાન્યદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો.

શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે સર્વ ભૂત પ્રાણી માત્રના આત્મા શાંત અને પૂર્ણ ભગવાન શ્રી કૃષ્ણને જ દાન આપવાથી અનંતઘણું ફળ મળે છે. દાન ધર્મમાં વૃધ્ધ પરાસર ઋષિએ કહ્યું છે કે ખેડૂતે ૨૦ મો ભાગ દેવને અર્પણ કરવાથી ખેતીમાં થતા દોષ તેને લાગતા નથી.દાન આપવાના શાસ્ત્રોમાં અનંત પ્રકાર કહ્યા છે તેમાં સ્થળ-સમય, લેનાર પાત્ર, દેનાર દાતા આદિનો વિશેષ પ્રભાવ રહે છે. તે નિયમોનું અનુસરણ કરવુ કઠણ છે. તેથી આપણા ઈષ્ટદેવે દશમો (૧૦ ટકા) વીશમો (૫ ટકા) ધર્માદો આપવો એમ કહ્યુ. ધર્માદો શ્રી કૃષ્ણ ભગવાનને આપવાથી અન્ય કોઈ દાન આપવાની આવશ્યકતા રહેતી નથી.

ધર્માદો એટલે વૃત્તિ જે નોકરી ,ખેતી, વ્યવસાય ઉદ્યમથી મેળવેલ ધન ધાન્યની આવકનો ૧૦% અથવા ૫% ટકા ભાગ આપણા ઈષ્ટદેવને અર્પણ કરવો. **વ્યવસાયમાં થતો ખર્ચને બાદ કરીને જે નફો ઘરે લાવવામાં આવે તેમાંથી પાંચ/દશ ટકા ધર્માદો કાઢવાનો નિયમ છે.** એકાઉન્ટના ચોપડા ભલે ગમે તેવા રિપોર્ટ તૈયાર કર્યા હોય પણ ઈષ્ટદેવનો ભાગ ચોખ્ખા ચોપડાનો બનાવવો.

દાન અને ધર્માદામાં તફાવત છે. દાન સ્વેચ્છાએ આપવાની પધ્ધતિ છે તો ધર્માદો ઈષ્ટદેવને વ્યવસાયના ૧૦ ટકાના ભાગીદારના પ્રતિકરૂપે આપવામાં આવે છે. ધર્માદો ભક્તિમાર્ગમાં ભક્તિ સ્વરૂપે આપવામાં આવે છે. જે ભક્ત જેની શરણાગતિ સ્વીકારે છે, તેના આશરાના રૂપે ધર્માદો આપવામાં આવે છે. જેમ રાજ્યાશ્રય સ્વરૂપે (કર) ટેક્ષ આપવો અનિવાર્ય છે તેમ ધર્માશ્રયના ભાગરૂપે ધર્માદો ઈષ્ટદેવને બીનશરતી અર્પણ કરવાની પરંપરા છે. રાજ્ય કર વડે સરકાર ભૌતિક સુરક્ષા આપે છે તો ઈષ્ટદેવ આધ્યાત્મિક રક્ષણ આપે છે.

સહજાનંદ સ્વામીએ ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માગીને પ્રભુએ આશ્રિતના પ્રારબ્ધમાં સુધારો કરી પોતાની સાથે કર્મ તંતુથી જોડાણ થતાં પ્રારબ્ધ બદલાઈ જવા પામ્યું છે. તેમાં જે કાંઈ કમીઓ હોય તે પૂર્ણ થઈ જાય છે. એટલે જોડાણ માટે ધર્માદારૂપે આદાન-પ્રદાન અત્યન્ત આવશ્યક છે. જેમ વીમાનો વાર્ષિક હપ્તો ન ભરવામાં આવે તો તેની સુરક્ષાની જવાબદારી રહેતી નથી.

દાન એ પાપ અને પુણ્યનો વિનમય વેપાર છે. તો ધર્માદો ભક્તિ પ્રપન્નતા શરણાગતિનો એક મહત્વનો ભાગ છે. દાન બ્રાહ્મણ અને શુદ્ર લેવાના હકદાર અને વૈશ્ય-ક્ષત્રિયોને જ દાન આપવાનો અધિકાર છે. પણ ધર્માદો ચારેય વર્ણને લાગુ પડે. ધર્માદો અર્પણ કરવો એટલે આપવા જવુ.

વળી, ધર્માદાની રકમ/ધાન્ય અન્ય કોઈ ધર્મ કાર્યમાં ઉપયોગમાં ન લેવુ અન્ય દાન કાર્યમાં ન વાપરવું. થાળ-રસોઈ જેવા અન્ય સત્કર્મમાં દાન આપવાની ઈચ્છા હોય તો પોતાના ભાગમાંથી વાપરવું. પણ ભગવાનના હિસ્સાનુ ધન બીન શરતે ધર્માદા રૂપે અર્પણ કરવું. ધર્માદો આપ્યા બાદ દેવ કર્મ અંગે દાન આપવાની સંમ્પૂર્ણ જવાબદારીમાંથી મુક્ત થઈ જવાય છે. ધર્માદાની વ્યાખ્યામાં ભગવાને કોઈ અન્ય પસંદગી આપી નથી. શિક્ષાપત્રીની અન્ય આજ્ઞામાં જ્યાં પસંદગી આપવા પાત્ર હોય ત્યાં વિવિધતા આપી પણ ધર્માદો શ્રીકૃષ્ણ ને જ એટલે ઈષ્ટદેવનાં મંદિરમાં જ અર્પણ કરવો.

આપણે ભલે અન્ય કોઈ સર્કલમાં વિંટાયેલા હોઈએ. આજુબાજુના સર્કલ તરફથી અન્ય ધર્મ કાર્ય કે પરોપકારના સત્કાર્ય થઈ રહ્યા હોય તો પણ તેમાં પોતાની બુધ્ધિનો પ્રયોગ કરવો જ નહિ. કારણ કે જેમાં આજ્ઞાના વચન હોય તેમાં બુધ્ધિની બાંધછોડને અવકાશ રહેતો નથી. પરંન્તુ હા, પ્રેમથી તમારા ભાગમાંથી અવશ્ય દાન કરી શકો છો. ભગવાન ત્રણેય કાળને જાણનાર છે. છતાંય શિક્ષાપત્રીમાં ધર્માદા બાબતે કોઈ બાંધછોડ રહેવા દીધી નથી. કેમ કે ભક્તનો વ્યવહાર નોકરી,ઉદ્યમ, વ્યવસાયને નિર્ગુણ ગુણાતીત કરવાનો શ્રીહરિનો આ ધર્માદા થકી પ્રયાશ છે.

ધર્માદો આપવા બાબતે આપણા સંપ્રદાયનું બંધારણ ડીડ **"દેશ વિભાગનો લેખ"** માં બહું જ સ્પષ્ટ અને સમજણ પડે એવી આજ્ઞા કરી છે. બીજા દેશમાં રહેતા સત્સંગીઓ પોતપોતાના શ્રી નરનારાયણ દેવ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ જ્યાં પોતાના રહેણાક, ઉદ્યમ વ્યવસાય હોય તે જ દેશમાં આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અર્પણ કરવો. આચાર્યશ્રીની આજ્ઞાથી સંતો ધર્માદો લેવા આવે તો તેઓને આપવો અથવા અમદાવાદ અથવા વડતાલ જે તે દેશમાં રહેતાં હોય ત્યાં અર્પણ કરવો. વતન ભલેને જે પણ દેશમાં હોય પણ જ્યાં રહેણાંક અને વ્યવસાય હોય તે જ દેશમાં દેવને અર્પણ કરવો. ધર્માદા અંગે દેશ વિભાગના લેખના આધારે નિર્ણય કરવો. **દેશ વિભાગનો લેખ જરૂરથી વાંચજો.** તમામ શંકાઓનું નિવારણ આપો આપ થઈ જશે.

વળી, આપણા સંપ્રદાયમાં પ્રત્યેક સત્સંગી વ્યક્તિ દીઠ ( કેટલાક તો ઘરના ગાય, બળદની પણ સંખ્યા) નામથી નામવેરો આપવાની પ્રણાલી છે. શરુમાં -૫૦ પૈસા નામ દીઠ આપતા, હાલમાં નામ દીઠ ૫/- પાંચ રૂપિયા આપવામાં આવે છે. ગૃહસ્થાશ્રમી હરિભક્ત ધર્મવંશી આચાર્યને ગુરૂ કરીને મંત્રદીક્ષા ગ્રહણ કરે છે. તો ગુરૂ દક્ષિણાના પ્રતિક સ્વરૂપે પ્રતિ વર્ષ નામવેરો મંદિરમાં જમા કરાવે છે. શિક્ષાપત્રી શ્લોક- ૭૧ માં કહ્યું કે અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે અન્નધન વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા. તો ધર્મવંશી આચાર્યએ પોતાનું જીવન સત્સંગને અર્પણ કરી રાખ્યુ છે. અને દેવ મંદિર થકી ધર્મનું ધન (ધર્માદો) ખાવાથી દોષ લાગે, તેથી સર્વ ગૃહસ્થ સત્સંગી વ્યક્તિ દીઠ નામ વેરો મંદિરમાં અલગથી અર્પણ કરે, તે ધનમાંથી આચાર્યશ્રી અને ધર્મકુળની અન્ન ધન વસ્ત્રાદિકથી સુવિધા આપવાની અદ્વિતીય અજોડ સંપ્રદાયની પરંપરા છે. તેમ છતાં સત્સંગ વિચરણમાં જે કોઈ ચરણ ભેટ અર્પણ કરે તે મંદિરના ચોપડે જમા કરવામાં આવે છે. જે પરંપરા આજે પણ ચાલી રહી છે. લાખો રૂપિયાની ભેટ મંદિરમાં જમા થાય છે. એટલે કે નામની રકમ આચાર્યશ્રીને અર્થે વપરાય છે. ધર્માદો દેવને અર્પણ કરવો ધર્મ + આદૌ એટલે કે પ્રથમ ધર્મ ,પ્રથમ કર્તવ્ય કે દશમો વીશમો ભાગ અર્પણ કરવો. ધર્માદો ન આપવાથી શરણાગતિ સંબંધ આપો આપ કેન્સલ થઈ જાય છે. વ્યવહારની દુર્બળતા દૂર કરવા દશમો ભાગ આપવાનો જરુર આગ્રહ રાખો. વ્યવહારની દુર્બળતાએ ધર્માદો ન આપવાનુ પણ કારણ હોઈ શકે. ધર્માદો ન આપવાથી આર્થિક દુર્બળતા આવવાની શકયતા પુરેપુરી છે. કેટલાક હરિભક્તો પગાર થયેથી તેમાંથી ધર્માદો અર્પણ કર્યા પછી જ રકમ ઘરે લઈ જાય છે. તો કેટલાક ખેડૂતો ખેતરમાંથી જ ધર્માદો મોકલી આપે છે. ભગવાનના ભાગનું દ્રવ્ય ઘરે પણ લાવતા નથી.

# પ્રસાદીની રાખડી

- પ્રફુલ ખરસાણી

વાત છે, અમદાવાદ મંદિરને થયા તેટલા વર્ષો પહેલાંની ! અમદાવાદ મંદિર બનાવવાનું કામ શ્રી હરિએ આનંદાનંદ સ્વામી ને સોંપ્યું હતું . મંદિર માટે ઉપયોગમાં લેવાનાર પથ્થરો ધ્રાંગધ્રાથી લાવવાના હતા. તે વખતે અત્યારના જેવી વાહન વ્યવહારની સવલત નહોતી. સત્સંગી હરિભક્તો પોતાના બળદગાડાઓ સાથે સેવામાં લાગી જતા. અને પોતાના ગાંઠનું ખરચ કરી પોતાના ઉતારા પાણી-જમવાની કોઈ પણ જાતની વ્યવસ્થાની અપેક્ષા રાખ્યા વગર સેવામાં જોડાઈ જતાં.એવા એક હરિભક્ત પોતાના ગાડામાં પથ્થર લાવતા હતા ત્યારે રસ્તામાં એક બળદ મૃત્યુ પામ્યો તો તે બળદની જગ્યાએ પોતાની જાતને જોતરી દઈને પણ પથ્થર અમદાવાદ સુધી પહોંચાડ્યો હતો. અને તેમની આવી અનન્ય નિષ્ઠાથી પ્રભાવિત થઈ શ્રીજી મહારાજે તે હરિભક્તે લાવેલ પથ્થર પોતાના બાથમાં લઈ જાતે પધરાવેલ જે આજે પણ અમદાવાદ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ સમક્ષ મોજૂદ છે અને અનેક શ્રધ્ધાળુ હરિભક્તોના મનના મનોરથ પૂર્ણ કરી રહ્યો છે.અને તે પ્રસાદીનું ગાડુ આપણા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શનાર્થે રાખવામાં આવ્યું છે.

એજ સમયનો આવો બીજો પણ એક પ્રસંગ છે. જેમાં નાના અંકેવાળીયા ગામના એક સેવાભાવી નિષ્ઠાવાન હરિભક્ત જીવા વિરમગામાની વાત છે.બન્યું એવું કે, અમદાવાદ મંદિરના શિખરની કોળી માટે ૧૬૦ મણ વજનનો એક વિશાળ પથ્થર ધ્રાંગધ્રાથી અમદાવાદ લાવવાનો હતો. તે કામ ખૂબ જ કપરૂ નહીં પરંતું લગભગ અશક્ય હતું કારણ કે એવડો મોટો પથ્થર જો કોઈ ગાડામાં ચઢાવે અને રસ્તામાં ગાડુ ભાંગી જાય કે બળદને કાંઈ નુકશાન થાય તેમ હતું તેથી તે પથ્થર કોઈ પણ હરિભક્ત પોતાના ગાડામાં ચઢાવવા રાજી નહોતા.પરંતુ અંકેવાળીયાના જીવાભાઈ વિરમગામા નામના આ હરિભક્તે વિચાર કર્યો કે મહારાજની ઈચ્છા હશે તેમ થશે. જગતના નિયંતા શ્રી હરિનું પોતાનું આ કામ છે તેમાં પોતે કોઈ કાળે અડચણ આવવા દેશે નહીં તેવી અડગ શ્રધ્ધાથી મનોમન તે ૧૬૦ મણ વજનના મહાકાય પથ્થરને પોતાના ગાડામાં અમદાવાદ પહોંચાડવાનો નિર્ધાર કરી બીજા કેટલાંક હરિભક્તોની મદદથી મહામહેનતે પથ્થર ગાડામાં ચઢાવ્યો. બે-ચાર બળદનું તે કામ નહોતુ તેથી છ બળદ ગાડે જોડ્યાં અને ગાડા સાથે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં તે હરિભક્તે જોયું કે ગાડાનું ધૂસરૂં તો બળદની પીઠ પર અડતું જ નહોતું ખાસ્સું દૂર રહેતું હતું અને બળદો કોઈ ભાર વેઠતા ના હોય તેમ મસ્તીથી ચાલતા હતા અને આવડા મોટા ભાર સાથેનું ગાડું પણ ખૂબ સહેલાઈથી ચાલતું હતું. તે વખતે જીવાભાઈને મનમાં નિશ્ચય થઈ ગયો કે આ બીજુ કોઈ નહીં પણ શ્રીજી મહારાજ પોતે જ પરોક્ષ રીતે આ ગાડાને દોરી રહ્યા છે.ગાડામાં બેઠા બેઠા જીવાભાઈને શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન લાગી ગયું. ત્યાં તો ક..ડ.ડડડડ કરતો અવાજ આવ્યો ! જીવાભાઈએ ઝબકીને જોયું તો ગાડાનો સોટો તૂટી ગયો હતો. પરંતુ આ શું !? ગાડુ તો જેમનું તેમ ચાલ્યુ જતું હતું. જીવાભાઈને ઉપરા ઉપરી પરચા મળતા જીવનભરનું સંસ્મરણ રૂપી ભાથું મળી ગયું હતું. જીવાભાઈ તે પથ્થર અને ગાડા સાથે અમદાવાદ પહોંચ્યા ત્યારે સભા ચાલતી હતી. શ્રી હરિએ તેમને બોલાવી અને તેમની અનન્ય નિષ્ઠા અને શ્રધ્ધાનો બીજાને દાખડો બેસે તે માટે સભામાં તેમની ભરપૂર પ્રશંસા કરી ત્યારે તે હરિભક્ત બોલી ઉઠ્યા જે હે ! મહારાજ આ અશક્ય કામને શક્ય તો આપે કર્યું છે. હું, મારૂ ગાડું અને મારા બળદ તો નિમિત્ત માત્ર બની રહ્યા હતા. આખે આખું ગાડુ છેક અહીં સુધી તો પરોક્ષ પણે આપ જ ખેંચી લાવ્યા છો, હું તેનો સાક્ષી છું તેમ છતા આપ મારી પ્રશંસા કરો છો મહારાજ ! મેં કાંઈ જ નથી કર્યું. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું તમે મારામાં શ્રધ્ધા રાખી પથ્થર લાવવાની તૈયારી બતાવી તેનાથી અમે ખૂબ રાજી છીએ. આવો, આ મારા હાથના કાંડે બાધેંલ આ સુંદર રાખડી છોડી ને લ્યો, અમે તમારા પર પ્રસન્ન થઈ આ રાખડી તમને ભેટ આપીએ છીએ. આમ શ્રીજી મહારાજે પ્રસન્ન થઈ તેમની ધારણ કરેલ તે પ્રસાદીની રાખડી જીવાભાઈને અર્પણ કરી હતી.

એ રાખડી અંકેવાળીયામાં ગામના જીવાભાઈના વંશમાં આજ પર્યંત જળવાઈને રહી હતી જે તાજેતરમાં તેમના વંશજ એવા શ્રી માવજીભાઈ છગનભાઈ વિરમગામાએ શ્રીજી મહારાજના વંશજ એવા પ.પૂ.મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રાખવા અર્પણ કરી છે. અને હવે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ એ આ પવિત્ર રાખડીનું કાયમી સરનામું બની રહેશે. આપ જ્યારે મ્યુઝિયમના દર્શનાર્થે પધારો ત્યારે બીજી બધી પ્રસાદીની વસ્તુઓ સાથે આ રાખડીના પણ અચૂક દર્શન કરશો જેથી આપને પણ એ હરિભક્ત જેવી સેવા કરવાનું બળ પુરૂ પાડતી પ્રેરણા મળી રહેશે.

# શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી અમૃત વચનો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



તા. ૨૫-૧૨-૧૧ ગોકુલ પાર્ટી પ્લોટ, શ્રીનરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર આયોજિત સમૂહ મહાપૂજા પ્રસંગની સભા : દરેક માણસ જુદી જુદી પ્રવૃતિઓ, દોડધામ કરતો હોય છે. શા માટે ? દરેકને એક લક્ષ હોય છે. તે લક્ષની પ્રાપ્તિ માટે દરેક માણસ મહેનત કરતો હોય છે. આપણે પણ મહાપૂજા કરીએ, દંડવત્, પ્રદક્ષિણા કરીએ, ધૂન, કીર્તન કથાવાર્તા કરીએ, કંઠી ધારણ કરીએ, તિલક-ચાંદલો કરીએ આ બધા સાધનો કરીએ છીએ. શા માટે ? આપણું સાધ્ય શું ? તો આપણું સાધ્ય શ્રીજી મહારાજ છે. મહારાજને રાજી કરવા માટે આપણે બધા સાધનો કરીએ છીએ. સાધન અને સાધ્ય અલગ છે. જો સાધ્ય ભૂલાઈ જાય તો સાધનનો કંઈ અર્થ રહેતો નથી. માટે ભગવાનને કેન્દ્રમાં રાખીને જ બધું કરવું.

આપણું સાધ્ય : આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજ આપણા ઘેર, ઘરના સિંહાસનમાં પણ ભૂલવા ન જોઈએ. સત્સંગની શરૂઆત ઘરથી કરીએ. પ્રથમ ઘરને મંદિર બનાવીએ. ઘેર સિંહાસનમાં આપણા ઈષ્ટદેવની સેવા પૂજા વ્યવસ્થિત થવી જોઈએ. અમે જોયું છે કે અમૂક હરિભક્તો મંદિરમાં દિવસમાં પાંચેય આરતીઓનું દર્શન કરતા હોય છે. પરંતુ ઘેર તેના ઠાકોરજીના સિંહાસનમાં જાળાં બાઝી ગયા હોય છે. તો આવા ભક્તોનું મંદિરમાં આરતીનું દર્શન મહારાજ સ્વીકારતા નથી. ઘેર જો પુત્ર કે માતા-પિતાની કાળજી લેવાતી ન હોય તો તેવા ભક્તોના મંદિરમાં દંડવત્ મહારાજ સ્વીકારતા નથી. આ કોઈ વ્યક્તિગત વાત નથી. પરંતુ જનરલ વાત છે. ઘણા ભક્તો ઘેર માતા પિતાની સેવા પણ કરતા હોય છે. તેમજ પોતાના ઘરના સિંહાસનમાં ઠાકોરજીની સંભાળ પણ રાખતા હોય છે.

સામાન્યત : પુરુષો ઘરના ઠાકોરજીનો હવાલો બહેનોને સોંપી દેતા હોય છે. હું ઓફિસ કે ધંધાએ જાઉં છું. તું સિંહાસનમાં મહારાજની આરતી, ધૂપ દીપ સંભાળી લેજે અને સાંજે ઘેર આવું એટલે થાળ તૈયાર રાખજે. જો કે બહેનો મોટા ભાગે બધું વ્યવસ્થિત સંભાળી લેતા હોય છે. ઘણાં બહેનો ઠાકોરજીની સેવાનો ઓર્ડર પોતાના સંતાનો ઉપર ટ્રાન્સફર કરી દેતા હોય છે.

મોટા ભાગે બહેનોને સત્સંગનો રંગ આસાનીથી ચઢતો હોય છે. બહેનોને સત્સંગ કરાવવા સાંખ્યયોગી બહેનોની સંખ્યા સંતો જેટલી હોતી પણ નથી. તેમ છતાં બે સાંખ્યયોગી બહેનો એક વાર બહેનોને સત્સંગ કરાવવા જાય તો તેની અસર બહેનો પર બે-ત્રણ મહિના સુધી આસાનીથી રહે છે. જ્યારે સંતો આટલા બધા છે. કદાચ સંતોનું એક પ્લેન ઉતારીએ તો પણ પુરુષો એટલા રીઢા હોય છે કે સંતોનો કાર્યક્રમ પુરો થાય એટલે ખંખેરીને ઉભા! ઘણાના મનમાં એમ થાય કે ચાલો એક કામ પત્યું ! સંતાનોને સંસ્કારો આપવાનું કામ પણ બહેનો વધુ સારી રીતે કરી શકે છે. એટલે સત્સંગની શરૂઆત આપણા ઘેરથી જ કરીએ તો પાયો વધુ મજબૂત થશે.

દોડધામની વાત કરતા હતા તો આજે મનુષ્યો બહુ દોડે છે. અમદાવાદમાં તો હાલમાં મેરેથોન દોડની સ્પર્ધા ચાલે છે. મેરેથોનમાં એક સાથે ઘણા લોકો દોડતા હોય છે. બહુ લાંબા અંતરની દોડ હોય છે. દોડીને લોકોને કંઈક લક્ષ પ્રાપ્ત

કરવું છે. એ લક્ષ પ્રાપ્ત કર્યા પછી તેમાંથી માણસને કંઈક લક્ષ પ્રાપ્ત કરવું છે. એ લક્ષ પ્રાપ્ત કર્યા પછી તેમાંથી માણસને સુખ શાંતિ જોઈએ છે. સુખ-શાંતિ, સમૃદ્ધિ માટેનો બધો ઉદ્યમ હોય છે. આપણે પણ મંદિરમાં જઈને મહારાજનું દર્શન કરીએ, દંડવત્ કરીએ, ઠાકોરજી સમક્ષ થોડીવાર બેસીએ કે આંખો મીંચીંને ધ્યાન કરીએ તો આપણા અંતરમાં ટાઢો શેરડો પડવો જોઈએ. જો એવું ન થાય તો સમજવું કે આપણી સમજણમાં કંઈક અવળું ચાલે છે, ગણિત ખોટુ છે. જે કંઈ સાધન કરીએ તે આપણે આપણાં માટે કરીએ તો સુખ આવે. ઘણા માળા કરતા હોય તો આજુબાજુ જુએ કે આપણે તો આટલી જ માળા કરી, હું તેના કરતા વધારે કરું છું. જો આવું થાય તો સુખ ન આવે. પેટમાં દુઃખતું હોય કે શરીરને કંઈ તકલીફ હોય, રોગ હોય પછી ડૉક્ટર પાસે જઈએ, ડૉક્ટર દવાના બે-ત્રણ કોર્સ કરાવે છતાં પેટમાં દુઃખતું બંધ ન થાય કે રોગ કાબુમાં ન આવે તો આપણે શું કરીએ ? ડૉક્ટર ફેરવી નાખીએ. એમ થાય કે ડૉક્ટરમાં કંઈ ખામી લાગે છે. પરંતુ અહીં ભગવાન તો ફેરવાતા નથી, કારણ કે ભગવાન તો એક જ છે અને સત્ય છે અને આપણને મળ્યા છે. ત્યાં જવા છતાં જો શાંતિ ન થાય તો સમજવું કે ખામી આપણામાં છે.

એક ગામમાં એક શેઠ પાસે પૈસા, ધન-સંપત્તિ ઘણું હતું, પરંતુ ક્યાંય શાંતિ મળે નહિ. અંતરમાં હાશ થાય નહિ. શાંતિ મેળવવા શેઠ ઘણી જગ્યાએ ફર્યા. બાવા, ફકીર, કામણ-ટુમણ કરનારાઓ એમ ઘણી જગ્યાએ શેઠ ગયા. પરંતુ ક્યાંય હાશકારો થાય નહિ. પછી ગામના એક ભાઈએ કહ્યું, શેઠ ! આપણા ગામની બહાર પાદરમાં એક સાધુ આવ્યા છે. ઝાડ નીચે બેસીને આંખો મીંચીને ધ્યાન કરે છે. તેની પાસે બેસવાથી ઘણાંને શાંતિ થઈ જાય છે. શેઠને થયું કે લાવને હું પણ ત્યાં જાઉં. પરંતુ આ વખતે તો જે મને શાંતિ પમાડે તેને મારે ભેટ તરીકે આ ધન-સંપતિનું પોટલું આપી દેવું છે. એમ વિચાર કરીને શેઠે પોતાની ધન, સંપત્તિ, સોના મહોરો, રૂપિયા વગેરેનું એક પોટલું બાંધ્યું અને આવ્યા સાધુ પાસે. સાધુએ તો આંખો ખોલીને સીધા પોટલું શેઠ પાસેથી ઝૂંટવી લીધું અને માંડ્યા દોડવા. સાધુ આગળ અને શેઠ પાછળ. શેઠને મનમાં થયું કે આ તો સાધુને બદલે શેતાન લાગે છે. મારી આખી જીંદગીની કમાણી લઈને ભાગવા માંડ્યો છે. હવે શું કરીશ ? શેઠ દોડતા દોડતા હાંફી ગયા, સાધુને પકડી શક્યા નહિ. ઉલ્ટું સાધુ તો એકાએક ક્યાંક અદ્રશ્ય થઈ ગયા. શેઠને થયું કે હવે તો પોટલું ગયુ જ ! થોડી શાંતિ હતી એ પણ સાધુ પાસે આવવાથી હણાઈ ગઈ. આપણે કોઈકને રૂપિયા ઉછીના આપ્યા હોય અને મુદ્દત પૂરી થયે પાછા ન આવે તો આપણે પણ ચિંતામાં મૂકાઈ જઈએ છીએ. ટેલિફોન કરીએ કે ક્યારે આપો છો ? પહેલો કહે, હમણાં અઠવાડિયું ખમો, પછી આપી દઈશ. આવું થાય તો પણ ઉદવેગ થાય છે તો શેઠની તો જીંદગીની કમાણી હતી એટલે બહુ મુસીબતમાં મુકાઈ ગયા.

શેઠ ફરીને ઝાડ નીચે આવ્યા. બેઠા તો અચાનક ઉપરથી તેનું પોટલું કોઈકે નીચે ફેંક્યું. પોટલું ઝડપથી લઈને છાતી સરસું ચાંપ્યું. છાતીએ લગાડ્યું એટલે મોઢામાંથી ‘હાશ’ નીકળી ગયું. પછી ઉંચે જોયું તો ઝાડની ડાળી પર પેલો સાધુ બેઠેલો. શેઠ સાધુને કહે, આવું કરવાનું ? તમે તો સાધુ છો કે લૂંટારા ? સાધુ કહે, શેઠ તમે શાંતિની શોધમાં હતા. મેં તમને ‘હાશકારો’ તો બોલાવી દીધો !!

આપણને ‘હાશ’ થાય, શાંતિ થાય એવા દેવ મહારાજે આપણને આપ્યા છે. શાંતિ આપણી પાસે જ છે. છતાં આપણે બીજે શોધીએ છીએ. એક ભાઈ અમારી પાસે આવ્યા. કહે, તીર્થ કરવા જઉ છું. આશીર્વાદ આપો. અમે કહ્યું, તીર્થ તો અહીં જ છે, ક્યાંય જવાની જરૂર નથી. મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા પછી ઉંબરામાં પથ્થર પર ઉભા રહ્યા અને કહ્યું કે આ નરનારાયણદેવ અને અમારામાં અણુંમાત્ર ફેર નથી. આ દેવનો દ્રઢ આશરો રાખશે તો સઘળા શુભ મનોરથ તે મૂર્તિમાં રહીને હું પૂર્ણ કરીશ. મહારાજ જે પથ્થર પર ઉભા રહીને આ વચનો બોલ્યા છે તે પથ્થર પર તમારું માથું ટેકવી દો તો ક્યાંય જવાની જરૂર નથી. (દ્રઢ આશરાની વાત છે) પ્રસાદીના આ પથ્થરને સોના કે ચાંદીથી મઢવામાં કંઈવાર નથી, કોઈ હરિભક્તને કહીએ એટલે તુરત સોનાથી મઢાઈ જાય. પરંતુ સોનાની કિંમત નથી. કિંમત આ પથ્થરની છે. તે પથ્થરને મહારાજનો સ્પર્શ થયો હોવાથી ખુલ્લો જ રાખ્યો છે **અમે અન્યત્ર ક્યાંય અમારી આ લાલ પાઘ ઉતારતા નથી. પરંતુ નરનારાયણદેવનું દર્શન કરવા આવીએ**

**એટલે આ લાલ પાઘ ઉતારીને સંતોને કહીએ, થોડી વાર રાખો.** આ દેવ થકી જ અમારી અને તમારી સૌની કિંમત છે. દેવથી દૂર જઈએ તો અમારી કે તમારી બે પાવલીય ન આવે !

હકીકતમાં આ દેવ આગળ આપણે સૌ ભિખારી જેવા છીએ. એક રાજા ભિખારીને કહે, આજે હું તારા ઉપર રાજી છું. માગી લે ! શું જોઈએ તારે ? ભિખારી કહે, મારે ચૂનો જોઈએ છે. મારા ઘરને ચૂનો ઉખડી ગયો છે. ભિખારીએ નવો બંગલો માંગ્યો હોત તો રાજા તેને નવો બંગલો બંધાવી આપત, પરંતુ ભિખારીને માંગતા ન આવડ્યું. એમ આ દેવ પાસે આપણી માંગવાની ફૂટપટ્ટી ટૂંકી પડે. દેવ જો આપવાની ઈચ્છા કરે તો આપણી કલ્પના બહારનું આપી દેતા હોય છે. ભિખારી માંગી માંગીને કેટલું માંગે ? ભિખારીને આપણે પાંચ રૂપિયા આપીએ તો બહુ બહુ તો ૧૦ રૂપિયા કે ૫૦ રૂપિયા માગવાની હિંમત કરે. કોઈ ભિખારી એમ કહે કે મને પાંચ હજાર કે પાંચ લાખ રૂપિયા આપી દો ! એમ આ દેવ તો આપણને બહુ મોટું સુખ આપવા સમર્થ છે. તત્પર છે. પરંતુ માંગવામાં આપણી દશા ભિખારી જેવી છે.

જે આ દેવના થઈને રહે છે એને દેવ પણ પોતાના માને છે. અને બીજા પણ જે ભક્તો આ દેવના દ્રઢ આશરાવાળા હોય તે સૌને અરસ પરસ એક બીજાની ઓળખાણ થઈ જાય છે. કારણ કે બીડી પીવાવાળો પણ અન્ય બીડી પીવાવાળાને શોધી લે છે અને જઈને કહે છે લાવ જરા એક સટ મારીએ. આચાર્ય પણ દેવના જ છે. જે ન હોય તો એ જાણે !

તમે સૌ મહાપૂજામાં બેઠા, સંતોને સાંભળ્યા આ બધું પણ એક તપ છે. સંતો અમને કહે કે આશીર્વચન આપો. અમે કહીએ છીએ કે, અમે તો ઘણા ટાઈમ થી બોલતા જ આવ્યા છીએ પરંતુ સાંભળે છે કોણ ? (ગૂઢાર્થ સમજવો). એક એવો વિચાર કર્યો છે કે આવતા વર્ષે આ સમયે બે મોટી કથા પારાયણ કરીએ. એક આ બાજુ જેમાં હર્ષદ કોલોની, એપ્રોચ, કર્મ શક્તિ વગેરે મંદિરો આવી જાય અને બીજી નદીની પેલે પાર. આયોજક કાલુપુર સ્વામિનારાયણ મંદિર. આપણે મંદિરોમાં પણ લેવલ લાવવું છે. કથાના આયોજનથી લેવલ જો ઉંચું નીચું થતું હોય તો સુખ ન આવે, એટલે જ આ આયોજન કાલુપુર સ્વામિનારાયણ મંદિરનું રહેશે. આ આયોજન ખૂબ મોટું કરવું છે. પારાયણ દરમિયાન જ એક દિવસ મહાપૂજા, એક દિવસ શાકોત્સવ એ રીતે આયોજન વિચાર્યું છે. આ ઉત્સવ પારાયણમાં તમારે સૌએ માત્ર કથા જ સાંભળવાની અને નરનારાયણદેવ યુવક મંડળે સેવા કરવાની એવો સંકલ્પ થયો છે.

આટલું કહીને પ.પૂ. મહારાજશ્રીએ મહાપૂજામાં સહભાગી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પ્રથમ વાર્ષિકોત્સવ

**સંવત ૨૦૬૮ ફાગણ સુદ-૩ તા. ૨૪-૨-૨૦૧૨, શુક્રવાર**
**સમય સાંજે ૪-૦૦ થી ૭-૦૦**

શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પ્રથમ વાર્ષિક દિવસ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપૂર્ણ હૃદયના આશીર્વાદઅને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી ભવ્યતાથી ઉજવવાનું આયોજન કરેલ છે. તે નિમિત્તે સમૂહ મહાપૂજામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની સાથે યજમાનોને મહાપૂજાનો લાભ મળશે. જેમાં મુખ્ય યજમાન, સહ યજમાન અને રૂા. ૧૧,૦૦૧/- તથા રૂા. ૫,૦૦૧/- ના પાટલા રાખવામાં આવેલ છે.

**સંપર્ક : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ફોન નં. ૦૭૯-૨૭૪૯૯૫૯૭. મો. : ૦૯૯૨૫૦૪૨૬૮૬ (દાસભાઈ)**

# આને આ દેહે આત્યંતિક મોક્ષ પામવાનો સરળ રસ્તો

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

શ્રીહરિ આ બ્રહ્માંડમાં સૌ પ્રથમ વખત વૈરાજનારાયણના આયુષ્યની અડધી સદી ઉપરાંતની પ્રાર્થના સ્વીકારના સ્વરૂપે તેમજ પોતાના ગૂઢ સંકલ્પની પૂર્તિ માટે પધાર્યા છે.

વૈરાજનારાયણનું આયુષ્ય (૧૦૦) સો વર્ષનું છે તેના અડધા ઉપરાંતના આયુષ્ય સુધીની પ્રાર્થના એટલે કેટલો લાંબો સમય. ''વૈરાજનારાયણનો એક દિવસ એટલે જ ચાર અબજ ૩૨ કરોડ વર્ષ અને તેટલી જ રાત્રી એટલે બીજા ૪ અબજ ૩૨ કરોડ વર્ષ થાય. એક દિવસ રાત્રી પુરી થાય ત્યારે આમ ૮ અબજ ૬૪ કરોડ **X** ૩૬૫ દિવસ = ૧ વર્ષ થાય ૧ વર્ષ **X** ૫૦ વર્ષ = ની પ્રાર્થનાના પરિણામે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદ આ બ્રહ્માંડને પ્રાપ્ત થયા. આટલો બધા લાંબા ગાળા દરમ્યાન ભગવાનના બીજા એક અબજ કરતાય વધુ મોટા મોટા અવતારો એટલે કે અનંત અવતારો આ બ્રહ્માંડમાં થઈ ગયા હોવા છતાં પોતાની પ્રાર્થના ચાલુ રાખી કારણ કે આ બ્રહ્માંડના વૈરાજનારાયણ અક્ષરધામનાં મુક્ત હોવાના નાતે અક્ષરધામના અધિપતિની આગવી ઓળખાણને કારણે જ આટ આટલા અવતારો આવ્યા છતા જ્યાં સુધી અવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન ન પધાર્યા ત્યાં સુધી પોતાના આયુષ્યની અડધી સદી ઉપરાંતની પ્રાર્થના ચાલુ રાખીને પણ પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનને આ ભૂમંડળ ઉપર પધરાવ્યા છે. અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ સ્વામિનારાયણ ભગવાન સિવાય બાજુ કોઈ કરી શકે તેમ ન હોવાથી સ્વયં સ્વામિનારાયણ ભગવાને અતિ કુરણા કરી જીવોને પોતાની જેમ છે તેમ ઓળખાણ કરાવી આ ભવાટીમાંથી કાયમી છુટકારો આપવા માટે અક્ષરધામથી અહિ પધાર્યા છે. સાથે સાથે પોતાના ગૂઢ સંકલ્પોની પૂર્તિનો પણ મુખ્ય હેતુ છે. આ ગૂઢ સંકલ્પો પૈકીનો એક જબરજસ્ત મોટો સંકલ્પ ખૂબજ મહત્વનો છે, તે છે સમગ્ર આશ્રિતજનોના ગુરુપદે ધર્મવંશમાં આચાર્યપદનું સ્થાપન.

આ સંકલ્પ કલ્યાણનાં બીજા સંકલ્પનો પૂરક સંકલ્પ છે. છતાં શ્રીજી મહારાજ સર્વોપરિ સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગમાં મુમુક્ષુ જીવોનું યુગો પર્યંત સહેલાઈથી કલ્યાણ કરવાના શુભ આશયથી ધર્મવંશી આચાર્યશ્રીની સ્થાપના પોતાના સ્થાને કરી છે. અનંત કોટી બ્રહ્માંડના અધિપતિનો આ નિર્ણય છે કે ધર્મવંશી આચાર્યોને પોતાના સ્થાને અપર સ્વરૂપ તરીકે સ્થાપના કરી અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું. બે દેશ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીનાં આચાર્ય અને બીજા વડતાલ દેશ, શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશની ગાદીના આચાર્ય એમ બે દેશમાં ધર્મવંશી આચાર્યપદની સ્થાપના કરી. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સિદ્ધાંત છે. ધર્મવંશી આચાર્યના આશરામાં રહીને પ્રભુની ભજન-ભક્તિથી જ આત્યંતિક મોક્ષ પામી શકાશે. અન્યથા નહિ. આમ આત્યંતિક કલ્યાણ ધર્મકુળના આશરે જ થાય છે. આશરો મુકીને જનારાનું ક્યારેય આત્યંતિક કલ્યાણ થતુ નથી તેવું સ્વયં સ્વામિનારાયણ ભગવાને વચનામૃત ગઢડા પ્રથમનાં ૧ માં જણાવ્યું છે કે ''ધર્મકુળનો આશ્રિત એવો ભગવાનનો ભક્ત અક્ષરધામને પામે છે.'' જો આપણને આપણા ઈષ્ટદેવમાં, ભગવાનપણાનો પરિપક્વ નિશ્ચય હોય તો ભગવાનની કૃતિમાં ક્યારેય સંશય થાય નહિ અને જો થાય છે અને ભગવાનની આજ્ઞા પ્રમાણે નથી વર્તાતું તો તેમને ઈષ્ટદેવમાં ભગવાનપણાનો નિશ્ચય જ નથી તો કલ્યાણ ભગવાન કેમ કરશે ?

અક્ષરમુક્ત શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ રચેલ ''શ્રીપુરુષોત્તમ પ્રકાશ''માં ધર્મકુળનું મહાત્મ્ય શ્રીજી મહારાજે જેવું બતાવ્યું છે તેવું તેમાં વર્ણન કરેલ છે, જે નીચે પ્રમાણે છે.

''તમને માનશે પૂજશે જે હરે, મોટા સુખને પામશે તે હરે
અન્નધન આપશે અંબર રે, પશુ વાહન ને વળી ઘર રે
ફળફુલ દલ જળ દેશે રે, તે તો અખંડધામને લેશે રે
વળી પધરાવશે પોતાને ઘેર રે, કરશે સેવા વળી સારી પેર રે
વળી કરશે સન્માન એનું રે, માટે કરવું છે કલ્યાણ તેનું રે
એમ આચરજથી કલ્યાણ રે, થાશે સહુ જીવન સુજાણ રે
માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે
મારી ઈચ્છા છે હમણાં એવી રે, પરમ પ્રાપ્તિ સહુને દેવી રે
માટે મોક્ષનું દ્વાર રે, અમે ઉઘાડિયું છે આ વાટે રે
આચારજથી બહુ ઉધ્ધરશે રે, જાણે બ્રહ્મનગર વાસ કરશે રે
એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સો સત્યમાની લીજીયે રે''

વિશેષ મહિમાં સમજાવતાં કહે છે

''માટે સૌ રે જો એને વચન રે, ત્યાગી ગૃહિ સહુ એક મન રે

રહેજો ધર્મવંશીને ગમતે રે, વર્તશોમાં કોયે મન મતે રે
એહ કહે તેમ સહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભર જોરે
હાથ જોડીને રહેજો હજુર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે
વિદ્યા ગુણ બુદ્ધિના બળે રે, એને દબાવવાં નહિ કોઈ પળે રે,
ત્યાગી-રાગીને કવિ કોઈ હોય રે, તોય એને માનશો સહુ કોય રે
વાદ-વિવાદ કરી વદને રે, એ શું બોલશોમાં કોઈ દન રે
એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પરસન રે
કાંજે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવિણ હોય તે પ્રિછે રે
વચન દ્વારે અમે વસ્યા એમારે, તમે ફેર જાણશોમાં તેમા રે,
અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે
એથી અમે અળગા ન રૈયે રે, એમાં રહિને દર્શન દઈએ રે.''

આમ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીને શ્રીજી મહારાજે ધર્મવંશી આચાર્યનો જેવો મહિમા કહ્યો તેવો મહિમા ઉપરોક્ત પુરુષોત્તમ પ્રકાશમાં વર્ણવ્યો છે. પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને જો પામવાનો શુધ્ધ હેતુ હોય તો શ્રીજી મહારાજે સ્વયં રચેલી શિક્ષાપત્રી શ્લોક નં. ૬૨ અને ૧૩૩નું દ્રઢપણે પાલન કરવું.

શિ. શ્લોક ૬૨ ''અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું, અને તે વિના બીજું, જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે. પણ સેવવા યોગ્ય નથી.''

શિ. શ્લોક ૧૩૩ ''અને હવે એ અયોધ્યા પ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતાના, પતિની આજ્ઞાએ કરીને, સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણનાં મંત્રનો ઉપદેશ કરવો, પણ પુરુષને ન કરવો.''

આમ ઉપર વર્ણવ્યા પ્રમાણે ધર્મવંશી આચાર્યના આશરામાં રહી તેમનાં મહિમાને જીવનાં હૃદયમાં દ્રઢ કરી પોતાનું આત્યંતિક કલ્યાણ સાધી લેવું તે જ બુદ્ધિશાળી છે, જો ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની ક્રિયામાં જો કોઈ દોષ બુદ્ધિ આવી તો સમજજો કે કલ્યાણના માર્ગમાંથી ગોથું ખાઈ ગયા. ફરી ફરી આવો અવસર નહિ મળે તે ન્યાયે મનનું ડહાપણ એક બાજુ મુકી શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર ધર્મવંશી આચાર્યમાં ભગવાનપણાનો ભાવ રાખી તેમને રાજી કર્યાનો સદાય આદર રાખવો. જો આમ નહિ વર્તાય તો મહારાજની આજ્ઞાનો લોપ થશે, શ્રીજી મહારાજે શિ.શ્લોક ૨૦૭ માં જણાવ્યા મુજબ.

''અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તો તે અમારા સંપ્રદાય થકી, બાહેર છે, એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ''આમ જો સંપ્રદાયથી બહાર થઈ ગયો તેને વિમુખ ગણાય, અને મહારાજની આજ્ઞાનુસાર ''વિમુખ જીવ કે વદન સે કથા સુની નહિ જાત.'' માટે વિમુખની પંક્તિમાં ન ભળવું હોય તેને તો ધર્મવંશી આચાર્ય મહારાજની આજ્ઞામાં રહિ ભજન-ભક્તિ કરી પોતાનું આત્યંતિક કલ્યાણ સાધી લેવું પણ વિમુખ જીવની જેમ મનુષ્ય દેહનો જુગાર રમીને ન કાઢવો. કારણ ફરી ફરી આવો મનુષ્ય દેહ અને આવો સત્સંગ પ્રાપ્ત થશે નહિ.

આ વાત સમગ્ર સત્સંગમાં વાંચી-વંચાવી પાકી કરવા માટે જ આ લેખના માધ્યમથી ખૂબજ સંક્ષેપમાં લખી છે. વિસ્તારથી પછીના લેખમાં લેવા પ્રયત્ન કરી શ્રીજી મહારાજ અને તેમના સ્થાને બિરાજેલા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીને રાજી કરવાનો આ પ્રયાશ છે.

સૌ રાજી રહેશો, આજ્ઞામાં રહેશો.

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કાંકરિયા અમદાવાદ મહામહોત્સવ

**તા. ૨૧-૨-૧૨ થી તા. ૨૭-૨-૧૨**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની** અધ્યક્ષતામાં શ્રીમદ્ સત્સંગિ ભૂષણ સપ્તાહ પારાયણ વક્તા પૂજ્ય સ.ગુ. શા.સ્વામી નિર્ગુણદાસજી (અસારવા ગુરુકુળ) પૂજ્ય સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)

● ભવ્ય શહેર ચોર્યાસી ● ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક ● છપ્પન ભોગ અન્નકૂટ ● પારાયણ ● મહાપૂજા ● સમસ્ત ધર્મકુળ દર્શન.

મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી
કથા સ્થળ : બળવંતરાય હોલ, કાંકરિયા, અમદાવાદ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

આપણા મ્યુઝિયમને એક વર્ષ આગામી ફાગણ સુદ-૩ ને તા. ૨૪-૨-૨૦૧૨નાં રોજ થશે.... એ દિવસે સાંજે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની સાથે સમૂહ મહાપૂજા થશે અને બ્રહ્મ ભોજન વગેરે કાર્યક્રમો થશે. એક વર્ષ ક્યાં પસાર થઈ ગયું તેની ખબર ના પડી. પરંતુ મ્યુઝિયમ તો વર્ષોથી હોય તેવી દિવ્ય અનુભૂતિ લોકોને થઈ રહી છે. ઉદ્‌ઘાટન સમારોહમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રમોદીએ તેથી જ કહ્યું હશે કે કોઈ નવુ જ ભવન તૈયાર થયું હોય અને તેમાં આવી દિવ્ય અનુભૂતિ થાય તે અહીં સિવાય શક્ય નથી.પ.પૂ.મોટા મહારાજશ્રી પણ કહે છે કે જેમ અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવ કે જેતલપુરના શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શનથી તૃપ્તિ થતી નથી તેવી જ રીતે આ મ્યુઝિયમના દર્શનથી તૃપ્તિ થવાની નથી, અને લોકોના મનોરથ પણ તે દેવ સ્થાનોની જેમ જ પૂરા કરે છે. હજી હમણાંજ બળોલ(ભાલ)થી પ.ભ. નરસંગભાઈ ચાવડા તથા ભીમાભાઈ ચાવડા નામના બે હરિભક્તોના શુભ સંકલ્પ પૂરા થતા છેક બળોલથી આપણા મ્યુઝિયમ સુધી લગભગ ૧૦૦ કિ.મી.ની પદયાત્રા કરીને આવ્યા હતા.આવા તો અનેક કિસ્સા મ્યુઝિયમના મુલાકાતીઓ સાથે બનતા રહે છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી - જાન્યુઆરી ૨૦૧૨

- રૂા.૨,00000/- અ.નિ. કાંતિલાલ નાનાલાલ શાહ, અ.નિ. કમળાબેન કાંતિલાલ શાહ, અ.નિ. નવિનચંદ્ર વાડીલાલ શાહ, અ.નિ. બ્ર. સ્વામી કૃષ્ણસ્વરૂપાનંદજી — જન્મ શતાબ્દી નિમિત્તે
- રૂા.૧,00000/-લાલજી મનજી ગાજપરીયા - પીપાવા
- રૂા.૫૧,૧૦૧/-ચિ. લેકમીના લગ્ન નિમિત્તે ભેટ - વડુ
  હ. ડો.જયોત્સનાબેન, વિનોદભાઈ તથા કિશનભાઈ
- રૂા.૪૦,૦૦૦/- સાજન જતીન પટેલ, આભા જતીન પટેલ,
  કીશન રીતેષ પટેલ, વિમલ પ્લાસ્ટ - મણીનગર
- રૂા.૩૧,૦૦૦/- હોટલ ઘુંઘટ - ગાંધીનગર
- રૂા.૨૫,૦૦૦/- દેવજી વિરજી હીરાણી - માંડવી
- રૂા.૨૧,૦૦૦/- ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ
- રૂા.૧૧,૦૦૦/- શશીકાન્તભાઈ રવજીભાઈ પટેલ - અમદાવાદ
- રૂા.૧૦,૦૦૦/- પૂનમભાઈ મગનભાઈ પટેલ - અમદાવાદ
- રૂા.૫,૫૦૦/- અ.નિ. મનસુખલાલ જેઠાલાલ વોરા - અમદાવાદ
  હ. કંચનબેન મનસુખલાલ વોરા
- રૂા.૫,૧૧૧/- રમણભાઈ શામળભાઈ પટેલ - બાયડ
- રૂા.૫,૧૦૦/- અ.નિ. કેશવલાલ છગનદાસ પટેલ,
  ઘૂળીબેન કેશવલાલ પટેલ-ગુલાબપુરા
  હ. સેંઘાભાઈ રસીકભાઈ
- રૂા.૫,૧૦૦/- ભરતભાઈ ડી. ચૌઘરી - અમદાવાદ
- રૂા.૫,૦૦૧/- નીલાબેન હર્ષદભાઈ પરીખ - મણીનગર
- રૂા.૫,૦૦૦/- ડો. કાંતિભાઈ પટેલ - નવસારી
- રૂા.૫૦૦૦/- રાઠોડ વિજયભાઈ ઘનશ્યામભાઈ - ચાંદલોડીયા
- રૂા.૫,૦૦૦/- ઉત્સવ પંકજકુમાર પટેલ - ગામડીવાળા
- રૂા.૫,૦૦૦/- મહેન્દ્ર મનહરભાઈ અમીન - અમદાવાદ
- રૂા.૫,૦૦૦/- ધનજી હરજી ભુડીયા - માંડવી
- રૂા.૫,૦૦૦/- મહેશભાઈ એસ. પટેલ (લાલોડાવાળા) વાપી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જાન્યુઆરી ૨૦૧૨

તા. ૦૧. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, જળેશ્વર મહાદેવનગર
હ. જસુમતીબેન તથા લાભુબેન તથા વિજયાબેન

તા. ૦૩. મહિલા મંડળ શ્રી સ્વા. મંદિર, મોરીબી - દરબારગઢ
હ. સાં.યોગી રાજકુંવરબા, ઉષાબા, વસંતીબા -
શ્રીસ્વામિનારાયણ મંદિર, ઘનશ્યામનગર

તા. ૦૬ સૌમિલ હસમુખલાલ શાહ - હ્યુસ્ટન (અમેરિકા)

તા. ૧૦ શ્રી ઘનશ્યામ મહિલા મંડળ - શ્રી સ્વા.મંદિર નારણઘાટ
હ. પુષ્પાબેન, ભગવતીબેન તથા શારદાબેન

તા. ૧૧. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ -શ્રી સ્વા. મંદિર, હિમંતનગર
હ. નીલાબેન કે. પટેલ

તા. ૧૫. પ્રવેશચન્દ્ર મણીલાલ સોની (નિ.મામલતદાર) અમદાવાદ

તા. ૨૨. શ્રી નરનારાયણદેવ સત્સંગ સમાજ - નવા વાડજ

તા. ૨૪. સંજયભાઈ હરિભાઈ ઠક્કર - આંબલી

તા. ૨૫. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - નવા વાડજ
હ. શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# અભિપ્રાય

લોકની દ્રષ્ટિએ જગતમાં કુબેર ભંડારીનો ખજાનો અમૂલ્ય ગણાય છે. જેના માલિક શ્રી કુબેરજી ગણાય છે. શ્રી કુબેર ભંડારી આ ખજાનો કોઈને આપે ખરા ? ના, પણ કદાચ જો આ લોકના કોઈ વ્યક્તિને કુબેરજી ખજાનો આપે તો વ્યક્તિ દુનિયાનો સૌથી મોટો ધનવાન થઈ જાય પણ તેથી આપણા જીવનું શું રૂડુ થાય ....

તેનાથી બહુ મોટી વાત કરુ તો અક્ષરધામના અધિપતિ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પોતાનો દિવ્ય ખજાનો પૃથ્વી પર રાખેલ છે જેની માલિકી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને મળેલ. આ દિવ્ય ખજાનાના દર્શનનો અલૌકિક લાભ પ.પૂ. બાપજીએ જગતને મફતમાં જીવના કલ્યાણ સારૂ અર્પણ કરેલ છે. આ ખજાનાની પ્રસાદીભૂત વસ્તુના દિવ્યભાવથી દર્શન કરીએ અને ભગવાનના લીલાચરિત્ર સંભારીને લાભ લઈએ. વધુમાં શ્રીજી મહારાજના પ્રસાદીભૂત શ્રી નરનારાયણ દેવના અભિષેકનો LIVE BENEFIT (અનુભવી શકાય તેવો અમૂલ્ય લાભ) પણ પૂજય બાપજીએ સત્સંગીઓ તેમજ જગતના દરેક જીવ માટે ખુલ્લો મુકયો છે તેના પ્રત્યક્ષ પરચા પણ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણ દેવ આજે પણ પૂરે છે. આ લ્હાવો લઈ તેનો અલૌકિક અનુભવ દરેક સત્સંગી દિન-પ્રતિદિન પોતાના અંતઃકરણમાં નવીન ને નવીન રાખે તેવી અભ્યર્થના સાથે પૂજય બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

- રચીત મોદી

અહીં આવીને ઘણો આનંદ થયો અને વારંવાર આવવું પડે- મારે અહીંથી ઘણુંજ શીખવાનું છે. મહારાજશ્રીને ઘણા અભિનંદન. હિન્દુ ધર્મની વંશપરંપરાની જે ગાદીઓ છે ત્યાં આવા સંગ્રહાલયો થાય તો આપણી સંસ્કૃતિ હજી પણ બચી શકે.

- ગીરા સારાભાઈ - શાહીબાગ

આ મ્યુઝિયમના દર્શન કર્યા બાદ અમને લાગ્યું કે ભગવાન સાક્ષાત્કાર આપણી સાથે છે. આ દર્શન કર્યા પછી અમને આ ધર્મમાંથી કયારેય પાછુ પડવાનું મન ન થાય. આ સંપ્રદાય હંમેશા આવો રહે તેમ આ રીતે બસ એ જ કહેવું છે. આ અમારી અંત સમયની મૂડી છે. બસ આમાંથી એક પ્રસાદીની વસ્તુ અંતે એ યાદ આવી જાય તો પરમ અક્ષરધામ મળી જાય અને રોગીષ્ટના પણ રોગ મટી જાય એવું આ મ્યુઝિયમ અમને દર્શન થયા છે.

જયશ્રી સ્વામિનારાયણ - એ.બી. પટેલ

અક્ષરાધીશ પૂર્ણ પુરૂષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી મહારાજના દર્શન દેવોથી માંડીને પ્રકૃતિ પુરુષ સુધી સર્વેને દુર્લભ છે. મને તેના દર્શન થયા હું ધન્ય થયો. શ્રેય તો પૂ. આચાર્ય મહારાજને જ જાય છે.

- કેતન (લંડન)

An Excellent Achievement and Great Vision. I Would Come Again, Bringing New Visitors Each Time. Never Enough Time to Visit and Appreciate the many Artifacts.

- Lalji Ratna Patel U.K.

I am so very impressed. What more do I say. The hand work behind this can be felt in every step we face here, Thrilled to be here !

- Aditya S. Kanak Jalan, Patna

This Museum beholds the greatest history we've ever seen. Thanks to Mota Maharajshri & all Those involved in Makeup this possible. Thanks God

-Uday and Hina Gosalia NY

It was divine experience over here. we Feel Something that had been never feel any where on this earth.

- Vijay Hirani

A very unique Display of Maharaj's Belongings and Experience of His true form

- Mahendra and Maya Amin - Sydny

It's a Lifetime experience I feel energetic. My trip to India is now full filled.

- Gaurav Saparia - Australia

It was Great to see this beautiful please and also know about it.

-Luis Ahvmada A - Chile

I felt such a peace of mind Which was uniqe experience Whole place has divine vibrations. I felt that I have Personal encounter with Maharaj. I was impressed to see some divine remains of Maharj like hair, nails, Asthi etc. Panchala raas with nand santos is unique darshan. I was recognizing typical attire for Gopalanand swami, Brahmanand Swami, Gunatitanand Swami and other nand santos. I recommend some one who wants mental peace should spend whole day here in divine atmosphere.

- Varsani Ratna Devsi - Kenya

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સફળતાના સોપાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ચાલો મિત્રો ! આજે તો એવા શિક્ષક પાસે જઈએ કે જે દુનિયામાં સૌથી મોટા હોય અને મોટી વાત શિખવાડે, જો તમારે વિદ્યા અભ્યાસમાં સફળતા જોઈતી હોય તો આવો, શિક્ષક સ્વામિનારાયણ ભગવાન અને એમની વિદ્યાર્થીઓ માટે અણમોલ વાત એટલે શિક્ષાપત્રી શ્લોક ૧૨૯ માં સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે સત્શાસ્ત્રોનો અભ્યાસ આદર થકી કરવો, એના ઉપર શતાનંદ સ્વામીએ જે વિવેચન લખ્યું તે આપણે વાંચીએ અને જીવનમાં ઉતારીએ. કારણ કે હવે વાર્ષિક પરીક્ષાઓની સીઝન આવી રહી છે. એમાં કેટલાક વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં હશો, કેટલાક માસ્ટર ડીગ્રીમાં હશો, તો નાના મોટા સર્વ વિદ્યાર્થીઓને કામ લાગે એવી અતિ ઉપયોગી આ વાતો છે.

અભ્યાસની વાત આવી એટલે સ્વામી અભ્યાસ ઉપર લખે છે. જેને ભણવું હોય, વિદ્યાભ્યાસ કરવો હોય, શાસ્ત્રાભ્યાસ કરવો હોય એ બધાને માટે ઉપયોગી કથા છે. સહુથી પહેલું અભ્યાસ કરનારે વાંચવું, મનન કરવું, મુખથી બરાબર બોલીને એનો ઘોષ કરવો-એટલે કે ગોખવું અને વારંવાર પાઠ કરવો. આ ચતુર્વિધિ અભ્યાસ કહેવાય છે. પણ આ ચારેચાર પ્રકારનો અભ્યાસ ગુરુ શુશ્રુષા વિના ગુરુની સેવા વિના અભ્યાસની સિદ્ધિ ક્યારેય પણ થતી નથી. મનુસ્મૃતિનું એક વાક્ય છે સ્વામી કહે છે :

એક ભાઈ કોદાળી લઈને ખાડો ખોદવા માડે. ખોદતા જ જાય, ખોદતા જ જાય તો એક દિવસે એને જમીનમાંથી પાણી મળે છે. એમ જે કોઈ પોતાના ગુરુની સેવા કરતો જ જાય, કરતો જ જાય તો ગુરુના હૃદયમાં જે વિદ્યાઓ છે એ એને મળે છે.

હવે જેને વિદ્યા ભણવી હોય એણે કેવા રહેવું ? પહેલા તો પ્રમાદ છોડવો, વિદ્યાર્થી હોય ને જે આળસ કરે, જેને શાસ્ત્રનો અભ્યાસ કરવો હોય અને મનમાં આળસ રાખે, તો એ કોઈ દિવસે ભણી શકતો નથી. વિદુરજી કહે છે કે, એક તો આળસ, બીજો મદ-મોહ, ત્રીજો ચંચળતા, ચોથો વાતો કરવાની ટેવ, પાંચમો જડતા, છઠ્ઠું અભિમાન અને સાતમો સંઘરાખોરી - એ સાત દોષ જેમાં હોય એ કોઈ દિવસે વિદ્યાભ્યાસ કરી શકતો નથી. જેને વિદ્યા ભણવી હોય એવા વિદ્યાર્થીઓએ શરીર-સુખની આશા રાખવી નહી. કારણ કે...

તમારે જો સગવડમાં રહેવું હોય, ખુરશી-ટેબલને ગાડી વગેરે તમારે આરામ જ જોઈતો હોય તો ભણવાનું છોડી દેજો, ને જો ભણવું હોય તો પેલી સગવડો છોડી દેજો. બેમાંથી એક જ થશે. બહુ સગવડો જેને મળતી હોય એવા વિદ્યાર્થીઓના પિતાશ્રીઓ પરીક્ષા પછી દોડા-દોડ કરતા હોય છે. પેપર્સ ક્યાં ગયાં છે તેની તપાસ ચાલતી હોય છે અને રોડની લાઈટ ઉપર બેસીને વાંચનાર ફર્સ્ટ કલાસ પાસ થતા હોય છે. તો જેને બહુ સગવડ મળે એ ભણી શકતો નથી. અને જેને ભણવું છે એને સગવડ મળતી હોય છતાં છોડવી. ભણવા માટે વિદ્યાર્થીઓને ઉત્તમમાં-ઉત્તમ સમય પાછલી રાત્રિ એટલે કે વહેલું પ્રભાત, એ બુદ્ધિની જાગૃતિ માટે ઉતમ છે. કોઈ પણ વસ્તુ યાદ કરવી હોય, શાસ્ત્રનો અભ્યાસ-ચિંતવન કરવો હોય તો પાછલી રાત્રે એટલે કે વહેલા ઊઠીને વાંચવુ તો પછી દિવસે સૂઈ જવું ? ના જેને અભ્યાસ કરવો છે, ભણવું છે એણે દિવસે નિંદ્રા લેવી નહી. દિવસની ઊંઘ વિદ્યાર્થી માટે બુદ્ધિને જાડી કરી નાખે છે.

આટલી વસ્તુ વિદ્યાર્થીઓએ છોડવી શાસ્ત્ર-અભ્યાસ કરવો હોય તો એક તો જાણે રમત-રમતમાં પત્તાની રમત, પછી લાકડાનું ચોરસ પાટિયું ગોઠવીને આજુ-બાજુ બેઠા હોય, પાટિયા ઉપર કોકરા દોડવાતા હોય છે અને અરધી રાત એમાં પસાર કરતા હોય છે. કેટલાક જુગાર રમતા હોય છે આવી રમતોમાં જેને આશક્તિ થઈ એટલે કે એમાં કલાકો ચાલ્યા જાય તો એ ભણી શકે નહી. અત્યારના સમયની રમતો ગણીએ તો ટી.વી., મોબાઈલ, વીડીયો ગેમ વગેરે પછી પુસ્તક-શુશ્રુષા ઘણાની ટેવ હોય છે કે ચોપડીઓને નવાં-નવાં પૂંઠાં ચડાવ્યા કરે, આજે પેલો કાગળને પરમ દિવસે બીજો જુએ તો એ કાગળ તો પુસ્તક શણગારવાની જેની વૃત્તિ રહ્યા કરતી હોય એ ભણી શકે નહિ. કારણ કે એને એમ જ થાય કે આ મેલું થઈ જશે. બહુ વાંચીશ તો મેલું થઈ જશે. પાનું ઉખડી જશે. પુસ્તક છે એ તો સાધન છે. બરાબર એનો ઉપયોગ કરો. વાંચો એને શણગાર્યા જ કરશો એનો ઉપયોગ નહી કરો તો ફક્ત પુસ્તક શણગારવાથી વિદ્યાની દેવી સરસ્વતી પ્રસન્ન નહી થાય. જેને વારેવારે બગીચામાં જવાની જેની ટેવ હોય, ક્યાં ગયો હતા? જરા બગીચામાં ફરી આવ્યો. તો એ ભણી શકે નહી. જેને મિત્રો બહુ વધે-તેમાં સ્ત્રીઓ જેની મિત્ર થાય એ કોઈ દિવસે ભણી શકે નહિ. પ્રમાદી અને ઊંઘણશી આ છ સ્વભાવ જેનામાં હોય એ વિદ્યા ભણી શકતો નથી. જેણે વિદ્યા ભણવી હોય એણે જેમ સર્પથી એમ મિત્રોથી ડરવું. કારણ કે

મિત્રો છે એ વિદ્યામાં વિઘ્નરૂપ જ થાય. તમારે વાંચવા બેસવું હોય ને એક આવે, કેમ શું ચાલે છે ? એને માંડ રવાના કરો ને બીજો આવીને બેસે. કારણ કે ઝાઝા મિત્રો એટલે પળોજણ ઝાઝી. હજુ બે લીટી વાંચી નથી ને ત્રીજો આવે. એટલે ઝાઝા મિત્રો વિદ્યામાં વિઘ્નરૂપ છે.

વિદ્યાર્થીઓ સંયમી, સાત્વિક અને જેમ બને એમ એકાંતમાં રહેવાનું પસંદ કરવું, તો તમામ વિદ્યાઓ એમનાં હૃદયમાં સ્થિર થાય છે.

જોયુને વિદ્યાર્થી મિત્રો ! કેવી સરસ મજાની અણમોલ મોતી જેવી ઉપયોગી વાતો શિક્ષાપત્રી આપણને શિખવાડે છે. માટે દરરોજ શિક્ષાપત્રીનું વાચન કરજો અને આદરથી જીવનમાં ઉતારજો.

●

### નિર્માની ભક્ત

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

મિત્રો ! ભગવાનને પ્રિય ભક્તો કેવા હોય એ ભગવાને સ્વયં વચનામૃતમાં કહ્યું છે કે ‘‘જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાન સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે.’’

તો આવો, એવા જ એક ભક્તની વાત વાંચીએ. ભક્તનું નામ છે. બેચર પંચોળી, સ્વામિનારાયણ ભગવાના દ્રઢ ભક્ત હતા. જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. ધ્રાંગધ્રાના એ વતની હતા. હૈયામાં સદાય સંત-હરિભક્તોનો ગુણ રાખતા. સત્સંગમાં નિર્માની પણે રહીને અખંડ ભક્તિ-ભજન કરતા.

એક વખત શ્રીહરિ એમને ઘેર પધાર્યા અને તેમની પરીક્ષા લેવા માટે કહ્યું કે બેચરભાઈ ! અમારે જ્યોતિષનું પુસ્તક જોઈએ છે. અને એ પુસ્તક તમારા વેવાઈ પાસે છે. તો તમે જઈ લઈ આવો. પુસ્તક વાંચી તરત પાછું આપી દઈશું.

બેચરભાઈને પોતાના વેવાઈ સાથે અબોલા હતા. સંસારના વ્યવહારના કામોમાં કાંઈક મતભેદો થયા જ કરતા હોય છે. તેમાં સમાધાનની વાત જલ્દી અસ્તિત્વમાં આવતી નથી. પરિણામે અબોલા થાય છે. ‘‘જગતના જીવો ભગવાનના નિર્માની ભક્તોની કાંઈ કદર રાખતા નથી.’’ બેચરભાઈએ વિચાર કર્યો મારા ઈષ્ટદેવને પુસ્તક જોઈએ છે તો જરૂરથી એમની આજ્ઞા પાળીશ. બેચરભાઈ વેવાઈને ઘરે ગયાં ને કહ્યું, જ્યોતિષનું પુસ્તક અમારા ભગવાનને જોઈએ છે. માટે તમારી પાસે છે તો આપો. ત્યારે વેવાઈ મનમાં વિચારે છે કે આ ભગતડો માર ઘેર પુસ્તક લેવા શું કામ આવ્યો હશે ! પણ હવે આપવું ન આપવું મારી મરજીની વાત છે. પણ એમને એમ સરળતાથી આપવું પણ નથી અને ના પણ પાડવી નથી.

વેવાઈએ કહ્યું એ પુસ્તક તો મેં હળવદના શીવરામ જાનીને આપ્યું છે. બેચરભાઈએ તો પોતાના મિત્ર લખીરામને સાથે લીધા અને ઘોડો દોડાવ્યો. હળવદમાં શીવરામ જાનીને ઘેર પહોંચ્યા. બેચરભાઈએ શીવરામ જાની પાસે વેવાઈનું જ્યોતિષનું પુસ્તક માગ્યું. ત્યારે શીવરામ જાનીએ કહ્યું એ પુસ્તક તો મેં ક્યારનુંયે મોકલી દીધું છે. એને તો ઘણો સમય વિતી ગયો.

બેચરભાઈના વેવાઈ વિચારતા હતા. આ સ્વામિનારાયણનો પાકો ભગત છે. પોતાના ભગવાન માટે ગમે તેટલી દોડધામ કરશે. અને હમણાં હળવદથી પાછા આવશે ત્યાં તો દરવાજાની સાંકળ ખખડી દરવાજો ઉઘાડીને જોયું તો બેચરભાઈ જ હતા. બેચરભાઈએ કહ્યું, શીવરામ જાની પાસે નથી. ત્યારે વેવાઈ કહે મારી ભૂલ થઈ ગઈ. એ તો મેં વાંકાનેર એક બ્રાહ્મણને પુસ્તક આપ્યું છે તે તમે ત્યાંથી લઈ જજો. ફરી બેચરભાઈએ ઘોડો દોડાવ્યો. બેચરભાઈને પ્રભુની આજ્ઞા પાળવામાં શરીર ભાન ન રહ્યું. ન પાણી પીધું ન અન્ન લીધું. બસ ! એક જ રટણ પુસ્તક મારા ઈષ્ટદેવને આપવું.

જોત જોતામાં વાંકાનેર પહોંચી ગયા. બ્રાહ્મણને મળ્યા અમારા વેવાઈનું જ્યોતિષનું પુસ્તક આપો. અમારે જોઈએ છે. ત્યારે બ્રાહ્મણે કહ્યું બે મહિના થઈ ગયા. એ પુસ્તક એમને પરત કર્યું તેને. તમારો ખોટો ફેરો થયો. બેચરભાઈ ફરી વેવાઈને ઘરે પહોંચ્યાં. વેવાઈને કહ્યું, વાંકાનેરથી તો બે મહિના પહેલાં પુસ્તક આવી ગયું છે. તો હવે તમારા ઘરમાં જુઓ. ત્યાં વેવાઈ કહે હું ભૂલી જ ગયો. ખબર નહિ. મગજમાંથી જતું રહ્યું એ પુસ્તક તો મેં મોરબીના મકનજી ભટ્ટને આપ્યુંછે. જરૂર તેમની પાસેથી મળશે. બેચરભાઈ ! ફરી ઘોડો દોડાવી મકનજી ભટ્ટને ઘેર પહોંચ્યા મકનજી ભટ્ટે આદરથી બેસવા કહ્યું ત્યારે બેચરભાઈ કહે, ‘‘મારા ઈષ્ટદેવના કામે નિકળ્યો છું. હવે તો કામ પુરૂ થાય ત્યારે મારા ભગવાનના ચરણે જ બેસીશ. બીજે ક્યાંય વિસામો લેવો નથી.’’ ત્યારે મકનજી ભટ્ટ કહે શું કામ પુરૂ કરવાનુ છે. બેચરભાઈએ કહ્યું અમારા વેવાઈનું જ્યોતિષનું પુસ્તક મને આપો. મકનજી ભટ્ટ કહે એ પુસ્તક તો અઠવાડિયા પહેલાં જ મેં તમારા વેવાઈને પાછું આપી દીધું છે. તમે ખોટો ધક્કો ખાધો.

બેચરભાઈ વેવાઈને ઘેર પહોંચ્યા. વેવાઈને કહે, પુસ્તક તમારા ઘરમાં જ છે. તમે મહેરબાની કરીને મને આપો. મકનજી ભટ્ટ પાસે પણ નથી. ત્યારે વેવાઈ કહે હા, હા, પુસ્તક તો મારી પાસે જ છે. પણ જો બેચરભાઈ મને પાંચસો દંડવત કરે તો હું પુસ્તક આપું. ત્યારે બેચરભાઈ દંડવત કરવા તૈયાર

થયા. તેમના મિત્ર લખીરામ કહે રહેવા દો. દંડવત તો ઈષ્ટદેવના ચરણે થાય. શત્રુને નહિ. ત્યારે બેચરભાઈ કહે મારા ઈષ્ટદેવના કામ માટે દંડવત તો શું માથું કાપીને આપવું પડે તો હું તૈયાર છું. એમ કહી. દંડવત કરવા લાગ્યા.

બેચરભાઈએ અન્ન-જળ લીધા વગર વિશ્રાંતિ લીધા વગર પણ પોતાના ઈષ્ટદેવનું કાર્ય પૂર્ણ કરવા હિંમતથી દંડવત કરવા લાગ્યા. ત્યારે વેવાઈએ પુસ્તક બેચરભાઈને સોંપ્યું.

પછી પુસ્તક લઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણે મુક્યું, ત્યારે શ્રીહરિ રાજી થઈ કહ્યું કે ધન્ય છે. ભક્તરાજ ! તમે અમારા માટે થઈ શત્રુને દંડવત કર્યા. અમારા માટે તમે આટલું કષ્ટ સહન કર્યું. ભગવાન ખૂબ રાજી થયા. ત્યારે બેચરભાઈ કહે પ્રભુ ! તમારી પ્રસન્નતા એ જ અમારું જીવન છે. એજ અમારા સુખનું દ્વાર છે.

આવા ભગવાનના જે ભક્ત હોય તેનાથી ભગવાન સહેજ પણ દૂર રહી શકતા નથી. માટે આપણે પણ બેચરભાઈ જેવાં ભક્ત બનવા પ્રયત્ન કરીશું. તો ભગવાન જરૂર રાજી થશે.

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

પ્રતિ શ્રી,
મહંતશ્રી / કોઠારી શ્રી / સત્સંગી સમસ્ત
અમદાવાદ અને મૂળી દેશ

તા. ૦૯/૦૧/ ૨૦૧૨

અત્રે અમદાવાદશ્રી નરનારાયણ દેવના ચરણકમળથી અમારા હેતપુર્વકના જયશ્રી સ્વામિનારાયણ

શ્રી હરિની કૃપાથી આપ સર્વ કુશળ હશો.

વિ.જણાવવાનુંકે આપણા ગામડાઓમાં સત્સંગની વિશેષ પ્રવૃતિ થાય તથા આપના ગામની માહિતી અત્રેના મુખ્ય મંદિર સુધી પહોંચે એવા હેતુથી અત્રેથી શ્રીનરનારાયણદેવ યુવક મંડળના કાર્યકર્તાઓને ગામડાઓમા જવા આદેશ કરેલ છે. તો યુવક મંડળના યુવાનો સત્સંગઅર્થે આપના ગામમાં આવે તો એમને જરૂરી માહિતી તથા સહયોગ પુરો પાડશો.આપણા સૌનો હેતુ સાથે મળી સત્સંગ કરી મહારાજને રાજી કરવાનો છે.તો આ યુવાનોને યોગ્ય સહકાર આપી તથા જરૂરી સુચનો પણ આપી આ કાર્યમાં સહભાગી થશો. શ્રીનરનારાયણ દેવ સર્વેનુ સર્વપ્રકારે મંગળ કરે એ જ પ્રાર્થના.

શુભાશીર્વાદ સહ

Shree Swaminarayan Mandir, Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મપ્રવાસ

તા. ૨૧-૧-૨૦૧૨ થી તા. ૧-૨-૨૦૧૨

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વજીવ હિતાવહનો સંદેશ લઈને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આજે વિશ્વના ખૂણે ખૂણે પથરાયેલા સર્વે સત્સંગીઓને પોતાના દર્શન-આશીર્વચનનું સુખ આપવા તથા શ્રીનરનારાયણદેવ અને શ્રીહરિના ચરણોમાં તેમની નિષ્ઠા દૃઢ થાય અને શુદ્ધ ઉપાસના અને ભક્તિ કરે એવા શુભ હેતુથી વિચરણ કરી રહ્યાં છે.

ઓસ્ટ્રેલીયાના ભક્તોના પ્રેમભર્યા આમંત્રણ તથા આગ્રહને વશ થઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અહીં સંત મંડળ સાથે પધાર્યા. તા. ૨૨-૧-૨૦૧૨ ના રોજ લાંબી હવાઈ યાત્રા કરી પ.પૂ. મહારાજશ્રી મેલબોર્ન પધાર્યા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર-મેલબોર્ન મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

મેલબોર્ન શહેરમાં વસતા આપણા સૌ ભક્તોની અથાક મહેનત તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંતોની પ્રેરણા તથા આશીર્વાદથી નવ્ય ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય પુરુ થયું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી છેલ્લા ૪ વર્ષથી અહીંના ભક્તોને સત્સંગનું બળ તથા મંદિરની પ્રેરણા આપતા હતા. ભુજ મંદિરથી પૂ. મહંત સ્વામી તથા વડીલ સંતોનું પણ માર્ગદર્શન તથા પ્રેરણા મળતી રહીને ૧૯ માસના ટુંકા ગાળામાં સુંદર મંદિર તૈયાર થયું. ને આ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૪- થી ૨૮ સુધી ખૂબ ધામધૂમથી ઉજવાયો. પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવનની કથા (વક્તા સ.ગુ. શા. ગોલોકવિહારીદાસજી તથા સ.ગુ. શા. કૃષ્ણસ્વરૂપદાસજી), પોથીયાત્રા, શોભાયાત્રા, હરિયાગ, અભિષેક, અન્નકૂટ.

૧૫-૧૫ સંતો સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન તથા આશીર્વાદથી ભરપુર આ મહોત્સવ જાણે અક્ષરધામની અનુભૂતિ કરાવી ગયો. અમેરિકા, આફ્રિકા, ભારત, યુ.કે. તથા ઓસ્ટ્રેલીયાના વિવિધ પ્રાંતોમાંથી પધારેલ સર્વે ભક્તોના હૃદયમાં આનંદ તથા મુખમાં "અદ્‌ભુત ! અદ્‌ભુત !" ના જ શબ્દો રહ્યા. મેલબોર્નમાં સત્સંગ સમુદાય સિમિત તથા બધા જ યુવાનો હોવા છતાં તેમણે સંપીને કરેલી સેવા સૌના હૃદય જીતી ગઈ. ભુજથી પધારેલ પૂ. મહંત સ્વામીએ પણ સૌની સેવાને ખૂબ બિરદાવી આશીર્વચન આપ્યા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પણ ઓસ્ટ્રેલીયા ખંડના સૌ પ્રથમશિખરબધ્ધ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરતા અતિ હર્ષ સાથે સૌને આવાને આવા સંપથી લઈ કાર્ય કરવાની તથા અન્ય શહેરો (પર્થ, એડીલેડ, સીડની) કે જ્યાં મંદિરનું કાર્ય ચાલી રહ્યું છે તેમને પણ આમાંથી પ્રેરણા તથા બળ મળે એવી શુભ ભાવના વ્યક્ત કરી હતી. સર્વે યજમાનો-ભક્તોને ખૂબ ખૂબ આનંદ આપી પ.પૂ. મહારાજશ્રી ત્યાંથી સીડની પધાર્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની

આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર સીડનીના સૌ ભક્તોએ ઉમળકા ભેર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીના આગમનથી તો જાણે સત્સંગ સમુદાયના હૃદય આનંદથી છલકાઈ ઉઠ્યા. તા. ૨૭ ના રોજ સૌ ભક્તોએ પ્રેમથી મંદિરમાં જ પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત સામૈયુ તથા સત્સંગ સભાનું આયોજન કરેલ. પૂ. મહારાજશ્રીએ "આ તો અમે અમારા ઘેર આવ્યા છીએ." આવો પારિવારીક ભાવ વ્યક્ત કરતા ભક્તોના હૃદય નાચી ઉઠ્યા હતા. ૨૮ તારીખના રોજ સવારથી જ ભક્તોના ઘરોઘર પધરામણીઓ તથા સાંજે પેરામેટા વિસ્તારમાં વસંત પંચમી પ્રસંગે આયોજીત "શ્રી શિક્ષાપત્રી જન્મજયંતી મહોત્સવ" માં સૌ ભક્તોને આશીર્વચનનો લ્હાવો આપ્યો હતો. આપણું મંદિર બ્લેકટાઉન વિસ્તારમાં છે જ પરંતુ આ વિસ્તારના ઘણા બધા ભક્તો કે જે વિદ્યાર્થીયો છે એ કદાચ સમય કે સાધનની અનુકુળતાના કારણે મંદિર સુધી ન આવી શકતા હોય તો આપણે ત્યાં સત્સંગ કરવા જઈએ એવી ઉદાત ભાવનાથી અહીં ભવ્ય સભા યોજાઈ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ ખૂબ રસ તથા ઉમંગ દાખવી ખૂબ સફળ આયોજન કર્યું. સભામાં પૂ. નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) તથા પૂ. રામસ્વામીએ પણ સત્સંગનો લાભ આપ્યો. અંતમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ જાગૃતતા તથા પ્રેમથી શિક્ષાપત્રી પ્રમાણે આપણે સૌએ વર્તવુ તેવી આજ્ઞા તથા આશીર્વાદ આપ્યા. તા. ૨૯ ના રોજ આપણા મંદિરમાં અનેક હરિભક્તોની હાજરીમાં ભવ્ય શાકોત્સવનું આયોજન થયું. સૌ પ્રથમવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સ્વહસ્તે શાક વઘારવાના હોઈ હરિભક્તોનો ઉત્સાહ અવર્ણનીય હતો. સૌએ હોંશભેર ભજન અને ભોજનનો આનંદ માણ્યો. તા. ૩૦, ૩૧, ૧ અનેક ભક્તોને ઘેર સવારથી રાત્રી સુધી પધરામણી સાંજે મંદિરમાં સત્સંગ સભાનો અખૂટ આનંદ પ.પૂ. મહારાજશ્રીએ સૌ ભક્તોને આપ્યો ને ત્યાંથી સૌ હરિભક્તોની ભાવભીની વિદાય લઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સ્વદેશ પરત પધાર્યા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે આ યાત્રામાં પૂ. સ.ગુ.શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી, નારાયણઘાટ), પૂ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા હજુરી પાર્ષદ વનરાજ ભગત જોડાયા હતા.


શ્રી સ્વામિન

# ાયણ મંદિર-મેલબોર્ન મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ























# શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની














# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**''મૃત્યુ સુધારવું સર્વથા શક્ય છે''**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

મૃત્યુ એ એવો શબ્દ છે જે ભય ઉત્પન્ન કરે છે. પરંતુ આ એક સત્ય છે. જીવનનું મૃત્યુ નિશ્ચિત છે. તેને ટાળી શકાતું નથી. કેવળ તેની ગતિને સુધારી શકાય છે. મહાપુરૂષો માને છે કે, મરણનું નિવારણ ભલે અશક્ય હોય પરંતુ રૂડા ભક્તિભર્યા જીવન દ્વારા મરણને સુધારવાનું સર્વથા શક્ય છે. માટે દિવસમાં રોજ એક વખત મૃત્યુને અવશ્ય યાદ કરવાનું અને આપણો કોઈ પણ દિવસ હોય તેને છેલ્લો દિવસ ગણી લેવો. કેમ કે આપણને ખબર નથી કે આપણું મૃત્યુ ક્યારે છે. દરરોજ આપણે છેલ્લો દિવસ ગણીશું તો આપણાથી કોઈ પણ ખોટું કાર્ય નહિ થાય. કેમ કે, જે માણસ મૃત્યુની નજીક હોય છે તે ખોટુ કાર્ય કરી શકતો નથી. લોકો મૃત્યુને અમંગળ માને છે. પરંતુ મૃત્યુ આપણને જીવનના બધા જ દુઃખોથી મુક્તિ આપે છે. સંતો મૃત્યુને મંગળમય માને છે. મોટા ભાગના મનુષ્યોને અંતઃકાળ વખતે જે ગભરામણ થતી હોય છે તે કાળની નહિ પણ પોતે કરેલા ખરાબ કર્મોની હોય છે. કેમ કે, અંત સમયે માણસને પાપ કર્મો યાદ આવે છે. આમ પણ તમે જુઓ તો માણસ ખોટું કાર્ય કરે તો ખૂબ સાવધાની પૂર્વક કરે છે. માણસને તેટલી સાવધાની સારૂ કાર્ય કરે છે ત્યારે રાખવી પડતી નથી. કેમ કે, ખોટુ કાર્ય કરતી વખતે માણસને બીક હોય છે કે મારૂ આ ખરાબ કાર્ય બધા જાણી જશે તો ? અને ખરાબ કાર્ય કર્યા પછી પણ ઘણા દિવસો સુધી મનમાં એ જ વિચાર આવતો હોય છે. માટે માણસ જ્યારે ખરાબ કાર્ય કરે છે તો તેનું ચિંતવન ખૂબ વધારે થતું હોય છે. ચોવીસ કલાક એ જ વિચાર આવતો હોય છે. તો અંતકાળે તો યાદ આવશે જ. માટે જો મરણ સુધારવું હોય તો દરેક ક્ષણનો સદ્‌પયોગ કરીએ તેને 'પુણ્ય' કહેવાય અને જે ક્ષણનો દુરપયોગ કરીએ તેને 'પાપ' કહેવાય. માટે સારા વિચારો અને શુધ્ધ મન રાખી ભગવાનની ભક્તિ કરવી. શાસ્ત્રનું જ્ઞાન છે એટલે અંતઃકાળે વાંધો નહિ આવે એમ નહિ માની લેવાનું. કેમ કે, ભક્તિ વગરનું જ્ઞાન છે ને તે અંતઃકાળે દગો આપે છે. મહારાજે ગ.મ.ના ૩૫ માં વ.માં કહ્યું છે કે ''આત્મદર્શને કરીને કલ્યાણ કરવું, તે તો જેમ તુંબડા બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે.'' માટે શરીરથી આત્મા અલગ છે. આત્માને પીડા થતી નથી તેમ કહેવું સહેલું છે. પણ વેદના થાય છે ત્યારે બધું ભૂલાઈ જાય છે. માટે ઉપાસના ભક્તિ છે ને તે અંતઃકાળે કામ આવે છે. માટે આપણો આ શરીરરૂપી રથ છે તે ઈન્દ્રિયોરૂપી ઘોડાઓથી જોડાયેલો છે. તો આપણે ભગવાનની શરણાગતિ સ્વીકારી ભગવાનને પ્રાર્થના કરવાની કે માત્ર શરીરરૂપી રથના સારથી આપ બનો અને ઈન્દ્રિયોરૂપી ઘોડાની લગામ પણ આપ જ સંભાળો. તેમ તન, મન બધું ભગવાનને અર્પણ કરી દેવાનું છે. પરંતુ એનો અર્થ એવો નહિ કે મહેનત કરવાનું છોડી દો. ભગવાને કીધુ છે ને કે ''મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય''. તો બધું ભગવાનની મરજીથી થાય છે તેમ નથી માની લેવાનું. કેમ કે આજે આપણે દુનિયામાં જોઈએ છીએ તો કેટલા બધા ખોટા કર્મો થાય છે. ચોરી, લૂંટફાટ, ખૂન આ બધું થાય છે. આ બધું ભગવાનની મરજીથી નથી થતું. તે તો માણસ પોતાની દુર્બુદ્ધિથી કરે છે. અને તેનું કર્મ ફળ અવશ્ય મળે છે. ભગવાને માણસને શક્તિ આપી છે તે ક્યાં વાપરવી તેનો નિર્ણય ભગવાનનો નહિ તે વાપરનાર વ્યક્તિનો છે. આપણે ઘરનું જ ઉદાહરણ લઈએ તો આપણે ત્યાં ઈલેકટ્રીક વાયરમાંથી કરંટ પસાર થાય છે. તેના પરિણામે લાઈટ, પંખા, ફ્રિજ, ટી.વી. આ બધું ચાલે છે. તો તે શું ચલાવવું તે વ્યક્તિ નક્કી કરે છે. તેનાથી તમે પંખો ચલાવી શકો છો ને 'શોટ' આપી કોઈને મારી પણ શકો છો. તેમાં વાંક ઈલેકટ્રીક કરંટનો નથી પણ વ્યક્તિનો છે. તેવું જ આપણી અંદર રહેલી ઈચ્છા શક્તિનું છે. તે શક્તિ કેમ વાપરવી જેનો નિર્ણય પ્રત્યેક વ્યક્તિનો છે. અને તે વાપરવા માટે ભગવાને મનુષ્યને ઈચ્છાશક્તિ, કર્તવ્ય શક્તિ, બુદ્ધિ શક્તિ વગેરે આપ્યું છે. પરંતુ સર્વ વ્યાપી પરમાત્મા કોઈના પણ પાપ કર્મો અથવા અશુભ કર્મોના જવાબદાર નથી. માટે પરમાત્મા હિસાબ માગશે તો આપણે શું કહીશું. તેમ પરમાત્માની બીક રાખવાની. જે મનુષ્ય પાપ કરતી વખતે મરણની બીક નથી રાખતો તેનું જીવન અને મરણ બેય બગડે છે. આપણે કોઈ ઓફિસમાં કે ક્યાંય કામ કરતા હોઈએ તો આખું વર્ષ કામ કર્યા પછી જ્યારે હિસાબ આપવા જવું પડે તો પણ ગભરામણ થાય છે કે કાંઈ ખોટુ તો નહી પડે

ને ? લોચા તો નહી નીકળે ને ? એવું થાય છે ને ? તો આ તો મૃત્યુ પછી આખી જીંદગીનો હિસાબ આપવાનો છે. આપણા જીવનની એક એક પળ જે વીતી રહી છે તે આપણા મૃત્યુ તરફ આગળ ધપનારૂ એક કદમ તો છે. માટે માનવ જીવનમાં છેલ્લી પરીક્ષા 'મરણ' છે. જીવન આખું જો મરણને નજર સામે રાખીને જીવવામાં આવે અને પ્રતિ ક્ષણ મનુષ્ય સાવધ રહી ભગવાનનો ડર રાખે તો માનવીના જીવનમાંથી ઘણા કષ્ટો અને પાપો દૂર થઈ જાય. બસ પોતાના કર્તવ્યને નિષ્ઠા અને સત્યને સાથે નિભાવીએ. જે કાયદામાં રહીને ચાલે તેને સત્તાનો ડર ન રહે. તેમ ઈશ્વરની આમન્યામાં રહીને જીવે તેને કાળનો ડર ન રહે. આપણે બે-ચાર દિવસ માટે યાત્રા કરવા જઈએ છીએ તો આપણાને ખ્યાલ હોય છે કે આપણી પાસે આટલો જ સમય છે માટે આપણે ઝડપથી બધું કામ પુરૂ કરી દઈએ છીએ. તમે કોઈપણ દેશના પ્રવાસે હોવ અને તમારા વિઝા પૂરા થતા હોય તો તમે માંદગી કે બીજા કોઈ કારણથી એકસટેન્ડ કરાવવા ચાહો તો જે તે દેશના કાયદા-કાનૂન મુજબ કાગળ કરો તો કદાચ તમારી રોકાવાની અવધિ વધારી શકાય એવું બને છે. પરંતુ આ પૃથ્વી (મૃત્યુ લોક) નામના પરદેશના વિઝા પુરા થશે એટલે પરદેશીને સ્વદેશ પાછા ફરવું ફરજીયાત છે. આ એક એવી યાત્રા છે જેના વિઝાની મુદત પુરી થયા પછી એક પળનું એકસટેન્શન શક્ય નથી. માટે મૃત્યુને દરરોજ યાદ કરવાનું તૈયાર રહેવાનું કોઈ પણ કામ બાકી નહિ રાખવાનું અને મનને સ્વચ્છ રાખીને ભજન-ભક્તિ કરવાની અને ભગવાનને પ્રાર્થના કરવાની કે આપના શરણમાં રાખજો. અને મને એટલી શક્તિ આપજો કે હું મારા મૃત્યુને સુધારી શકુ તો જ આપણે આપણા અંતઃકાળને સુધારી શકીશું.

●

### ભગવાનને પામવાનો સરળ અને સચોટ ઉપાય

- સાંખ્યયોગી ગીતાબા (વિરમગામ)

આપણા હિન્દુ ધર્મના શાસ્ત્રોમાં ભગવાનને પામવાના અનેકાનેક ઉપાયો જુદાં-જુદાં શાસ્ત્રોમાં વર્ણન કરેલા છે. તે અનુસારે જેને જે યોગ્ય લાગે તે પ્રમાણે ઘણા મનુષ્યો ભગવાનને મેળવવા માટે પ્રયત્નો અને સાધનો કરે છે. કોઈ ભગવાનને પામવા માટે વનમાં જઈ તપ કરે છે તો કોઈ વરસાદની ધારાઓ સહન કરે છે. કેટલાક ભગવાનને રાજી કરવા માટે વ્રત કે ઉપવાસો કરે છે. આમ સૌ પોતપોતાની બુદ્ધિ અને સંગાનુસાર પ્રયત્નો કરે છે. પરંતુ તેમાં સફળતા કેટલાને પ્રાપ્ત થઈ ?

ભગવાનને પામવાનો સરળ અને સચોટ ઉપાય તો શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયમ્ સ્વમુખવાણી જે વચનામૃત ગ્રંથ તેના છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં બતાવ્યો છે કે સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે અષ્ટાંગયોગ તથા સાંખ્ય વિચાર તથા શાસ્ત્ર પઠન તથા તપ, ત્યાગ, યજ્ઞને વ્રતાદિકે કરીને હું તેવો વશ થાતો નથી જેવો સત્સંગ કરીને વશ થાઉં છું. માટે એમને તો એમ ભાસે છે જે પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે માટે સર્વે સાધન કરતા સત્સંગ તે અધિક થયો.

પરંતુ આપણને એક પ્રશ્ન થશે કે ભગવાનને પ્રસન્ન કરવા માટે સત્સંગ સર્વ સાધન કરતા અધિક છે પણ સત્સંગ કહેવાય કોને ? તો સત્ય એવા જે ભગવાન, સત્ય એવા જે સંત સત્ય એવો જે ધર્મ અને આ ત્રણેનું જેમાં વર્ણન હોય એવું જે શાસ્ત્ર આ ચારનો સંગ કરવો તેનું નામ સત્સંગ કર્યો કહેવાય. જેમ કુંભાર હોય તે માટલાને ઘડવા માટે કેટલી મહેનત કરે ત્યારે માટલું તૈયાર થાય. તેમ આપણે સત્પુરુષના ટકોરા ખમીએ ત્યારે સાચા સત્સંગી કહેવાય. તેના શરીરનો ચહેરો તો બદલી શકે છે. પરંતુ વ્યક્તિનો નહિ. વ્યક્તિનો ચહેરો અને ચારિત્ર્ય બદલવાનું સામર્થ્ય માત્ર સંતમાં જ હોય છે.

કાનુન અને દંડના ભયથી સમાજને નથી સુધારી શકાતો. સમાજને સુધારવાનું કાર્ય તો સંતો જ કરી શકે છે. તેના સમાજમાં આવે છે તે નોટ વોટ અને સપોર્ટ માંગવા આવે છે. પરંતુ સંત નોટ વોટ અને સપોર્ટ નહિ પરંતુ તમારી ખોટો માંગવા અને ભાંગવા આવે છે. સંતો તો હાલતા ચાલતા પાવર હાઉસ છે. જે સર્વના જીવનમાં ભગવાનની ઉર્જા ભરી દે છે અને જીવન પલટો કરી દે છે.

સંત તો માર્ગમાં માઈલના પથ્થર લગાવેલા હોય છે. તમારે કઈ દિશામાં જવાનું છે ? તમારી મંજીલ કેટલી દૂર છે? તમે હજુ કેટલા ચાલ્યા છો તે બતાવે છે. પરંતુ ચાલવું તો તમારે જ પડશે ! તેમ સંત આધ્યાત્મિક માર્ગની મંજીલ બતાવે છે. માટે સંત સમાગમ કરવો.

●

**"આપણું ધર્મકુળ"**

- પરમાર ભૂમિકા ભગવાનજીભાઈ (હાલાર-સુરત)

ઉતર કૌશલ દેશમાં સર્વ જનોને પાવન કરનારી સરયુ નદીને તટે રમણીય એવું મખોડા ઘાટે અતિ પવિત્ર અક્ષરધામ તૂલ્ય છપૈયાધામ કે જે ઘનશ્યામ મહારાજની જન્મભૂમિ છે. મહારાજે તપ અને ત્યાગના માર્ગને અનુસરીને માત્ર ૧૧ વર્ષની ઉંમરે જ આવા રમણીય છપૈયાપુરનો ત્યાગ કર્યો હતો. બસ તે દિવસથી જ મોટા ભાઈ રામપ્રતાપભાઈ અને નાનાભાઈ ઈચ્છારામ અને મહારાજે જેને માની ઉપમા આપી છે એવા સુવાસીની ભાભી તથા સર્વે ધર્મકુળ મહારાજના વિયોગમાં આંસુ સારતા. "મારા ઘનશ્યામ આજે તો જરૂર પધારશે એવી નિત્ય આશા રાખીને સરયુ કિનારે વાટ જોતા બેસતા હતા.

એક દિવસ બન્યુ એવું કે મયાજીતાનંદ સ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે ચારધામની યાત્રા કરવા નિકળ્યા હતા. રમણીય સરયુ કિનારે પોતાની સ્નાનાદિક ક્રિયા કરવા રોકાયા હતા. ત્યારે મહારાજની કુંજરવ્રતિ થી વાટ જોતા બન્ને ભાઈને જોયા. સાધુ-પુરુષનો તો સ્વભાવ જે એવો હોય કે કોઈનું દુઃખ તેમનાથી જોઈ શકાતુ નથી. એટલે સ્વામીએ મોટાભાઈને દુઃખનું કારણ પૂછ્યું ત્યારે રામપ્રતાપભાઈએ મહારાજના વિયોગનો સમગ્ર વૃતાંત સંભળાવ્યો.

મયાજીતાનંદ સ્વામી તો વાત સાંભળીને આશ્ચર્ય પામ્યા. તેમને મોટાભાઈને કહ્યું કે જો હું તમને તમારા ભાઈના શરીર પરની કાંઈ નિશાની આપું તો તમે તેને ઓળખશો ? મોટાભાઈએ જ્યારે હા પાડી ત્યારે સ્વામીએ પૂછ્યું "તમારા ભાઈના જમણા ગાલમાં ટીંબકડી છે ? શું તમારા ઘનશ્યામના ઉદર પર સુંદર ત્રિવડી વિરાજે છે ? શું તમારા નાનાભાઈના જમણા સાથળમાં બહારને ભાગે ખાંપાનું નિશાન છે ? શું તમારા ઘનશ્યામના ચરણમાં ૧૬ ચિહ્ન છે. આટલું સાંભળતાની સાથે તો બંને ભાઈઓ એકદમ આતુરતાથી બોલી ઉઠ્યા બસ એ જ અમારા ભાઈ છે એજ અમારા પ્રાણ પ્યારા ઘનશ્યામ છે.

બાર-બાર વર્ષની તપશ્ચર્યા આજે પૂર્ણ થઈ ! ઘનશ્યામને મળવાની અભિલાષા આજે પૂર્ણ થઈ ! જેને મહારાજે પોતાની મા સમાન માન્યા હતા એવા સુવાસિની ભાભી ઘનશ્યામના વિરહમાં આસું સારતા હતા. જીવ વગરના એ દેહમાં આજે જાણે નવા પ્રાણ પુરાયા હતા. જળ વિના જેમ માછલું તરફડે અને તેને કોઈ પણ પાણીમાં નાખે તો તેને જીવનદાન મળી જાય તેમ સુવાસિની ભાભીની પણ આવીજ પરિસ્થિતિ હતી. આવી રીતે મયાજીતાનંદ સ્વામી ધર્મકુળને સાંત્વના આપી પોતાની સાથે ગુજરાતમા મહારાજ પાસે લઈને આવ્યા હતા.

વ્હાલા ભક્તો જોયુંને ધીરજ વિનાના આજના માનવી માટે સુંદર ઉપદેશ પુરી પાડતી આ કથા છે. જેને બાર બાર વર્ષ સુધી મહારાજની ચકોર પક્ષીની પેઠે રાહ જોઈ હતી. એવું ધર્મકુળ મહારાજે આપણને આપ્યું છે. પરોક્ષનો મહિમા તો સહુ કોઈ ગાય જાણે પણ જો પ્રત્યક્ષ નો મહિમા સમજાય તો આપણી સમજણ સાચી અને આ આપણું ધર્મકુળ જેટલુ આપણે સોંઘે જોખીયે છીએ તેટલું સોંઘે (સસ્તુ) જોખાય તેમ નથી. તેની સાચી કિંમત તો એજ છે આપણી તેમના પ્રત્યેનો આદરભાવ. તેમના વચનમા દ્રઢ વિશ્વાસ.

મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે સ્નેહ તો સહેજે થાય તો જ ખરુ, બાકી વિચારે કરીને જે સ્નેહ થાય તેનો કોઈ વિશ્વાસ નહી. માટે આપણે પણ જેવું મહારાજમા હેત છે તેવું ને તેવું હેત જો ધર્મકુળમાં થાય તો મહારાજને આપણો વિશ્વાસ આવે અને મનુષ્ય જન્મની આપણી ખરી સાર્થકતા પણ ત્યારે જ થાય.

●

**આપણા ગાદીવાળાશ્રી**

(- સભાના અમુક સત્સંગી બહેનો)

હું સમસ્ત સત્સંગી બહેનો તરફથી સ્વામિનારાયણ ભગવાનની અતિ કૃપા માનુ છું કે આવા સમર્થ ગુરુ બહેનોને આપ્યા. આજ સુધી જેટલા પૂજ્ય ગાદીવાળાશ્રી ગાદી ઉપર આવ્યા બધા મહાન અને પૂજનીય છે પણ આ વર્તમાન ગાદીવાળાશ્રીની વાત કઈક જુદી જ છે અને આ ખાલી મારૂજ મંતવ્ય નથી. સમસ્ત બહેનો એજ વાત કરે છે. કહેતા બીવે છે. કેમ કે ગાદીવાળાશ્રીના કોઈ વખાણ કરે, એ ગાદીવાળાને ગમતું નથી, કંઈ પણ કહેવા જઈએ તો વચ્ચેથી અટકાવી દે છે, અને કહે છે, "હું આ પદ ઉપર પોતાને પૂજાવા માટે નથી, મહારાજે મને જે જવાબદારી આપી છે એ પૂરી કરવા પ્રયત્ન કરું છું - મારૂ કામ સત્સંગી બહેનોને નરનારાણયણદેવનો મહિમા સમજાવાનું છે, કેવા નિર્માની !! અને કાયમ હસતું મુખારવિન્દ, શાંત ધીરજવાન ! પૂનમ હોય, એકાદશી હોય, મંદિરમાં હવેલીમાં બહેનોની ભીડ હોય, બધા પડાપડી કરતા હોય, તો પણ જરા વિચલિત ના થાય, હસતે મોઢે, બધાને મળે, સેવામાં જે બહેનો હોય

એમને ચિંતા થાય કે ગિરદીમાં ગાદીવાળા હેરાન થશે તો ? પણ એમનો એકજ જવાબ, ''આવવા દો, મળવા માટે તો આવ્યા છે દૂરથી, મને હેરાન કરવા નથી આવ્યા.'' ખરેખર ધન્યવાદ છે એમને ! ઘેર પણ એટલી જ જવાબદારી ! પૂ.લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાને ભણાવવાનું ! ધ્યાન રાખવાનું, ઘરની જવાબદારી, આ બધું છતાં પણ સમયસર બધી જગ્યાએ સમયસર હાજર !! કચ્છમાં જવું હોય તો આપણે એક રાત તો રોકાઈએ જ છીએ. પણ એ તો વહેલી સવારે ૩ વાગે નિકળી ને સાંજે ૭ વાગે પરત ! કેમ ? કેમ કે લાલજી મહારાજશ્રી અને શ્રી રાજાને એકલા નથી મુકતા. હું ધનુર્માસમાં પણ જોવું છું, સવારે ૫-૨૫ તો પહોંચીજ જાય, મંગળા આરતી કરી, હવેલીમાં શૃંગાર આરતી કરીને નીકળી જાય, લાલજી મહારાજશ્રી અને શ્રીરાજાને સ્કુલે મોકલે, પછી, ગામડાઓમા જવાનું હોય ત્યાં જાય, પણ ટાઈમનું સેટીંગ એવું કે લાલજી મહારાજશ્રી ને શ્રીરાજા સ્કૂલેથી પાછા આવે એના પહેલા પહોંચી જાય. દૂર જવું હોય તો બપોરનો ટાઈમ આપે. હું છેલ્લા એક વર્ષથી એમની દિનચર્યા જોઈ રહી છું. એટલે ખ્યાલ છે. અને થોડા મહિનાથી એમણે એક મહાન ભાગીરથ કાર્યનો આરંભ કર્યો છે, ''ગામડે-ગામડે, બહેનોનો સત્સંગ વધારવાનો.'' દર એકાદશી કાલુપુર મંદિર, હવેલીમાં ૨ થી ૪ બહેનોની સભા હોય છે, દર પ્રબોધની એકાદશી રાત્રિ જાગરણ, દર મહિનાના પહેલા શનિવારે હર્ષદ મંદિરમાં સભા, છેલ્લા શનિવારે નિકોલમાં સભા, નોમના દિવસે નારાયણઘાટ સભા અને હવે તો બહેનોનું એક ગ્રુપ બનાવીને અમદાવાદમાં જેટલા મંદિરો છે ત્યાં બહેનોને સભા કરવા મોકલે છે, અને જ્યારે બધા ગામડા કવર થઈ જાય પછી બધા ગામની ભેગી શિબિર રાખે છે અને ગમે તે સંજોગો હોય પોતે તો હાજર હોય જ ! અને એ સભાઓ અને શિબિર એકવાર માટે જ નથી, આજીવન ચાલુ રાખવાની છે. ઈતિહાસમાં આ પહેલા ગાદીવાળા છે જેમણે આ કાર્ય હાથ ધર્યું છે કે પોતે ગામડે-ગામડે ફરીને સત્સંગ કરાવે છે. અમુક ગામો તો એવા છે જ્યાં છેલ્લા પચાસ વરસથી કોઈ ગયા જ નથી. એવા ગામોમાં પણ જાય છે જ્યાં માત્ર ચાર-પાંચ સત્સંગીના ઘર હોય છે, કહે છે કે ''ધીરજ રાખવાની, એટલા વરસોથી જે વસ્તુ બંધ પડી છે, એને સરખું કરતા થોડો સમય તો લાગશે જ ને ! ''હું જે કઈ કરુ છું મારી ફરજ છે, જ્યારે મારુ છેલ્લું સમય આવશે ત્યારે મહારાજ મને પણ પૂછશે કે જે જવાબદારી હતી એ કેમ ના પૂરી કરી, તો હું શું કરીશ ? એટલે આ મારી ફરજ છે, મારું કામ છે. આચાર્ય મહારાજશ્રીની ધર્મપત્ની તરીકે ખાલી ગાદીવાળા કહેવાથી કામ ના ચાલે, કામ કરવું પડે છે, જવાબદારી પૂરી પાડવી પડે છે. બહેનોનો સત્સંગ જો દૃઢ હશે તો ઘરના દીકરા-દીકરીમાં સારા સંસ્કાર આવશે અને સત્સંગ પેઢી દર પેઢી ચાલ્યા જ કરશે.''

ખરેખર આવા વિચાર તો ગાદીવાળાના જ હોઈ શકે છે. એ ધારે તો કહી શકે છે કે મને ટાઈમ નથી, લાલજી મહારાજશ્રી, શ્રીરાજાની સ્કૂલ છે, પરીક્ષા છે, ઘરે એકલા છે, પણ ના.... એવો ટાઈમ મેનેજમેન્ટ કરે છે કે ઘર, લાલજી મહારાજશ્રી, શ્રીરાજા અને સત્સંગ બધાને સાચવી લે છે - ૬ કલાક ગાડીમાં બેસીને સવારે ૩ વાગે કચ્છના ગામડામાં નિકળી જાય, ત્યાં જઈને તરત સભામાં, બે કલાક સભામાં પછી ઉતારે જઈને ૨૦ મિનિટમાં જ નિકળી જાય, તો પણ હસતું જ મોઢું હોય - પાછા ૬ કલાક ગાડીમાં અમદાવાદ આવે, ઘરે આવીને લાલજી મહારાજશ્રી, શ્રીરાજાને સાચવે, ભણાવે, પાછા સવારે વહેલા જાગીને ફરજ ચાલુ. ખરેખર શબ્દ જ નથી, શું કહું ??? આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જ્યારથી ગાદીએ બેઠા છે ત્યારથી સત્સંગમાં અકલ્પનીય વધારો થયો છે અને સાથે-સાથે ગાદીવાળાશ્રીના સરલ સ્વભાવ, નિર્માનીપણું અને અથાગ પરિશ્રમથી બહેનોના સત્સંગ તો વર્ણી ના શકાય એવી રીતે વધ્યો છે.

હું નરનારાયણદેવ આશ્રિત સમસ્ત સત્સંગી બહેનો તરફથી ગાદીવાળાશ્રીના ચરણમાં કોટી-કોટિ વંદન કરું છું કે સત્સંગની આટલી સંભાળ રાખે છે, એ પણ, ધીરજ ખોયા વગર, નિર્માની ભાવથી, એકાદશીની સભામાં ભૂલેથી પણ એમનું વખાણ ના કરાય, ઢીલા થઈ જાય છે અને કહે છે, ''કેમ મને પાપમાં નાખો છો, આપણે બધાને ભેગા થઈને ભગવાનનો મહિમા ગાવાનો છે, હું મારો મહિમા ગવડાવા અહીં નથી બેસી, હું દોષમાં પડીશ, સાથે મળીને ભગવાનની કથા વાર્તા કરીએ તો સારું. !'' કેવા નિખાલસ, સરલ, લેશ માત્ર પણ અહંકાર નહી ! કોઈ ઉંમર લાયક માજી ચરણ સ્પર્શ કરવા આવે તો, વચ્ચેથી અટકાવી દે છે, હાથ પકડી લે છે, કહે છે ''એટલા ઉંમર લાયક માજી, જે મારી, નાની કે દાદીના ઉંમરના છે, પગે પડે, મને નથી ગમતું''. શું કહેવું હવે ?? શબ્દ જ નથી ! બસ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે કે ગાદીવાળાશ્રીનું સ્વાસ્થય સારુ રાખે અને લાંબી આયુષ્ય આપે, કેમ કે બહેનોને એમની બહુ જરૂર છે, એવા ગુરૂ ભાગ્યે જ અને ક્યારેક મળે છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

**પ્ર. : ૧** વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે એવું સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

**પ્ર. : ૨** તુલસીમાલા ધારણ મંત્ર કહ્યો છે ?

**પ્ર. : ૩** યતિ તે કોને કહીએ ? - વચનામૃતના આધારે જવાબ આપો.

**પ્ર. : ૪** માહાત્મ્ય યુક્ત ભક્તિ આવ્યાનું શું સાધન છે ?

**પ્ર. : ૫** બાલ્યાવસ્થામાં શ્રીહરિએ સ્વયં શાસ્ત્રના સારરૂપે શું તૈયાર કર્યું ?

**પ્ર. : ૬** રૂપિયા ૨૦ માં એક બ્રાહ્મણ સ્વામિનારાયણ ભગવાનને ગાળ દેવા તૈયાર થઈ ગયો ત્યારે ભક્ત કેશરમીયાંએ શું કર્યું ?

**પ્ર. : ૭** ''માણીગર મોરલીવાળો, છબીલો છેલ છોગાળો, ખાંતે ખાંતે નિત રંગભેર ખેલે રે....'' - આ કીર્તનના રચયિતાનું નામ આપો.

## જાન્યુઆરી-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** પ્રેમાનંદ સ્વામી. **(૨)** સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી. **(૩)** લીંબડી તાલુકાના શિયાણી ગામમાં તેમનું નામ શિવરામ ભટ્ટ હતું. **(૪)** મુક્તાનંદ સ્વામી. **(૫)** સાંકળેશ્વર મહાદેવ, ''સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ તારે ગામ પધારશે. અલૌકિક આશ્ચર્ય બતાવશે તું એમને શરણે જજે. સરસ્વતી તારા કંઠમાં બિરાજશે. **(૬)** માતા-ગંગાબા, પિતા-મનુભા. **(૭)** કારતક સુદ આઠમ.

૧. સાધુ ચંદ્રપ્રકાશદાસજી (માણસા)
૨. શા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૩. નરનારાયણદેવ યુવક મંડળ (કલોલ તથા ઝૂલાસણ)
૪. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૫. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૬. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૭. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૮. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૯. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૦. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૧. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૨. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૩. ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૧૪. સાં. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૫. અડાલજા તૃપ્તિબેન, કંચનબેન (રતનપર)
૧૬. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૭. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ (વિસનગર)
૧૮. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૯. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૨૦. સાં. શિલ્પાબા, શિતલબા (અમદાવાદ-હવેલી)
૨૧. રંજનબેન તથા નાની બેન (વિરાટનગર)
૨૨. સાં. કંચનબા, હિરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૩. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૪. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૨૫. સાં. મજુબા, ભારતીબા (અમદાવાદ-હવેલી)

# સત્સંગ સમાચાર

### અમદાવાદ કાલુપુર મંદિરમાં શિક્ષાપત્રી જયંતી ઉજવાઈ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દિવ્ય સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહાસુદ-૫ વસંત પંચમીના શુભ દિને પ્રસાદીના સભા મંડપમાં સવારે ૮-૧૫ થી ૯-૧૫ દરમ્યાન શિક્ષાપત્રીનું પઠન ૧ થી ૨૧૨ શ્લોક સ.ગુ.શા.સ્વા. નારાયણમુનિદાસજી અને ઘનશ્યામસ્વામીએ વાંચી સંભળાવ્યા હતા. અને શા.સ્વા. ભક્તિવલ્લભ સ્વામીએ શિક્ષાપત્રીનો મહિમા કહ્યો હતો. સંત-હરિભક્તો સૌએ શિક્ષાપત્રીના પાઠનું વાંચન કર્યું હતું. ત્યારબાદ શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન અને આરતી મંદિરના ગોર અને સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ કરી હતી. શ્રી નરનારાયણદેવ સમક્ષ વસંતોત્સવ ઉજવાયો હતો અને ત્યારબાદ આરતી કરવામાં આવી હતી. આજે હવેલીમાં શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. હરિભક્તોએ દર્શન કરી ધન્યના અનુભવી હતી. (કોઠારી જે.કે. સ્વામી)

### ઈસંડ (કલોલ)માં ભવ્ય શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. ભંડારી સ્વામી રામચરણદાસજીના સંકલ્પથી અને સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી અને ગામ સમસ્ત સત્સંગના સહયોગથી તા. ૨૪-૧૨-૧૧ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

૪૦૦૦ ઉપરાંત ભાવિકોએ શાકોત્સવને માણ્યો હતો. આ પ્રસંગે ગામ અને આજુબાજુના ગામોના ઘણા ભાવિક ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. સૌ પ્રથમ માણેકપુરના યુવક મંડળ દ્વારા સુંદર કીર્તન ભક્તિ થઈ અને ત્યારબાદ સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ કથામૃત રૂપી અમૃતપાન કરાવ્યું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થતા સૌ સંત-હરિભક્તો આનંદ વિભોર બની ગયા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શાકનો અલૌકિક વધાર કરી ઉપસ્થિત હજારો ભક્તોને દર્શનનો મહાલાભ આપ્યો. આ પ્રસંગ ધામો ધામના સંતોમાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી) સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) આદિ સંતોએ પોતાની ભાવના દર્શાવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આવા ઉત્સવો થતા રહે એવી ભલામણ સંતોને કરીને આશીર્વાદ આપ્યા હતા. સ્વા. રૂષિકેશપ્રસાદદાસજી અને હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

### અંબોડ ગામે ભવ્ય શાકોત્સવ

દરબારી અંબોડ ગામે (મીની પાવાગઢ) તા. ૭-૧-૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી ધામધૂમથી ઉજવાયો.

સત્સંગનું નવુંજ ગામ એવા અંબોડ ગામે અંદાજે ૬૦૦૦ હજાર ભક્તોની ઉપસ્થિતિમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. સમગ્ર આયોજનના યજમાન પ.ભ. આર. એસ. વાઘેલા સાહેબ પરિવારે લાભ લઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોનો રાજીપો મેળવ્યો હતો. સભાના પ્રારંભમાં કીર્તન ભક્તિ અને કથા વાર્તા થઈ હતી.

જેમાં રમેશભાઈ પ્રજાપતીએ સુંદર કીર્તન ભક્તિ કરી હતી. સ.ગુ. શા. ચૈતન્ય સ્વામીએ કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી થતા જ હરિભક્તો આનંદમાં ગરકાવ થઈ ગયા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શાકનો અદ્‌ભુત વધાર કરી હરિભક્તોને દર્શનનો મહા અલૌકિક લાભ આપ્યો હતો. આ પ્રસંગમાં સ.ગુ મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) સ.ગુ. રામ સ્વામી (આદરજ) આદિ સંતો પધાર્યા હતા. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ગ્રામજનોને સત્સંગ કરવાની ભલામણ કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(મોહનભાઈ સ્વામિનારાયણ પેટ્રોલ પંપ વાળા)

### વક્તાપુર ગામે (સાબરકાંઠા) અલૌકિક શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી અત્રે ગામમાં તા. ૩૦-૧૨-૨૦૧૧ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને સ્વયં શાકોત્સવનો દિવ્યતમ વધાર કરી હજારો ભાવિકોને દર્શનનો મહા લાભ આપ્યો હતો. શાકોત્સવના યજમાન પ.ભ. બાબુલાલભાઈ (અશ્વમેઘ કન્ટ્રકશન) આદિ પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

### કુકરવાડા ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારજશ્રીના સાનિધ્યમાં અને શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી અત્રે તા. ૩૧-૧૨-૧૧ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

સમસ્ત ગામના સહયોગ અને સેવાથી સુંદર આયોજન થયુ હતુ. પ્રથમ સભામાં સ.ગુ.શા. રામ સ્વામી (કોટેશ્વર) તથા સ.ગુ. શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ કથામૃત પાન કરાવી હરિભક્તોને

રાજી કર્યા હતા. ત્યારબાદ અમદાવાદથી પ.પૂ. મોટા મહારાજશ્રી અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંત મંડળ સાથે પધાર્યા હતા અને શાકનો અલૌકિક વઘાર કર્યો ત્યારે શ્રીહરિના સમયના તાદ્દશ દર્શન સૌને થયા હતા. છેલ્લે સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. ૪૦૦૦ ભાવિકોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**નવાવાડજ મંદિરમાં પરંપરાગત શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૮-૧-૧૨ના રોજ અત્રે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રાસંગિક સભામાં સ.ગુ.શા. સ્વામી ચૈતન્ય સ્વરૂપદાસજીએ (કોટેશ્વર) હરિભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. જ્યાં ભવ્ય શાકોત્સવનો સ્વયં વઘાર કરી સૌને દિવ્યતમ દર્શન કરાવ્યા હતા. સર્વે સંત મંડળ વતી અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ શાકોત્સવનો મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ તન, મન અને ધનથી સેવામાં જોડાયેલા સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. આ શાકોત્સવમાં નવા વાડજ અને આજુબાજુના વિસ્તારના હરિભક્તોએ પણ લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રસંશનીય હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પ્રતિનિધિ)

**ચાંદખેડામાં ઉજવાયો ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અને સંતો અને ચાંદખેડાના હરિભક્તોના સંપૂર્ણ સહયોગથી તા. ૮-૧-૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

ધર્મકુળ આશ્રિત પૂજ્ય સંતોના સુંદર સાનિધ્યમાં સૌ પ્રથમ સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી તથા સ.ગુ. નિલકંઠ સ્વામીએ કથા વાર્તા કરીને શાકોત્સવ અને ધર્મકુળનો મહિમા હરિભક્તોને સમજાવ્યો હતો. ત્યારબાદ ભવ્ય શાકોત્સવ કરીને સેવા કરનાર હરિભક્તોને બિરદાવીને સૌ એ સમૂહમાં શાકોત્સવનો પ્રસાદ લીધો હતો. આ પ્રસંગમાં મંદિરમાં રહેતા સાંખ્યયોગી બાઈઓ અને મહિલા મંડળની સેવા સૌને પ્રેરણા થાય તેવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પણ સુંદર સેવા કરી હતી. (ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલ ચાંદખેડા)

**સોજા ગામે ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મંદિર મહંતશ્રી)ની પ્રેરણાથી સોજા ગામે તા. ૧૨-૧-૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

સમસ્ત ગામ હરિભક્તોના સંપૂર્ણ સાથ સહકારથી આ ભવ્ય આયોજન થયું હતું. પ્રાસંગિક સભામાં સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ કથામાં શાકોત્સવનો અદ્‌ભુત મહિમા હરિભક્તોને સમજાવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થતાંજ સંતો હરિભક્તોએ ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. ગામમાં હરિભક્તોને ત્યાં પધરામણી કરી હરિભક્તોને રાજી કરી પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. સંત-હરિભક્તોએ પૂ. મહારાજશ્રીનું હાર તોરા કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ઘણા નવા મુમુક્ષુઓએ કંઠી ધારણ કરી ગુરુ મંત્ર લીધા હતા. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ ગુરુ મંત્રનો મહિમા સમજાવ્યો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવનો વઘાર કરીને રૂડા આશીર્વાદ આપી સોજા ગામને આનંદિત કરી દીધું ! શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા સુંદર હતી. (વિપુલભાઈ કડીયા)

**મહાદેવનગરમાં શાકોત્સવની ભવ્ય ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તથા સંત મંડળના માર્ગદર્શનથી તા. ૯-૧-૧૨ ના રોજ મહાદેવનગર મંદિરમાં ભવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પ્રાસંગિક સભામાં ત્રણ સંતોએ ભગવાન શ્રીહરિનું માહાત્મ્ય અને ધર્મકુળનું માહાત્મય સમજાવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે સૌ પ્રથમ પધારીને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. જ્યાં અલૌકિક શાકનો વઘાર કરી ભક્તોને દર્શનનો મહા લાભ આપ્યો હતો. ત્યારબાદ સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મંદિર, મહંતશ્રી) અને સ.ગુ. શા. આનંદપ્રિયદાસજી સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આ પ્રસંગમાં સેવા કરનાર સર્વે હરિભક્તોને રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ઉત્સવના આયોજનમાં મહાદેવનગર સત્સંગ સમાજની સેવા પ્રેરણારૂપ હતી. આ પ્રસંગે મહામંત્ર ધૂન પણ કરી હતી. (સ.ગુ.શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શિયાળ (તા. બાવળા) ગામે શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રીહરિના ચરણ કમળોથી પુણ્ય ભૂમિ એવા શિયાળ ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ શાકોત્સવ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. પી.પી. સ્વામી તથા વયોવૃદ્ધ પૂજ્ય શ્યામ સ્વામી પધાર્યા હતા અને ગ્રામજનોને કથાવાર્તાનો સુંદર લાભ આપી શાકોત્સવ ઉજવ્યો હતો. સમસ્ત ગામ તથા આજુબાજુના કાણોતર આદિ ગામના હરિભક્તો પણ આ પ્રસંગનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(કોઠારીશ્રી, શિયાળ)

**ટ્રેન્ટ ગામે ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂજ્ય મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૩૧-૧૨-૧૧ ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહાપૂજા અને શાકોત્સવ વિધિવત રીતે ઉજવાયા. સૌ પ્રથમ ઠાકોરજી સમક્ષ મહાપૂજા કરવામાં આવી હતી. સંતોએ મહાપૂજા વિધિ કરાવી હતી. જેમાં ઘણા યજમાનોએ મહાપૂજાનો લાભ લીધો હતો. જેતલપુરધામથી પધારેલા પૂ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને કલોલ મંદિરના મહંત શા. વિશ્વપ્રકાશદાસજી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપ્યો

હતો. પૂ. આત્મપ્રકાશ સ્વામીએ શાકનો વધાર કરીને સૌ ભક્તોને અલૌકિક લાભ આપ્યો હતો. આ પ્રસંગે પાટડી, નાના ઉભડા, મોટા ઉભડા, જરવલા, માંડલ અને શેર આદિ ગામના હરિભક્તોએ કથા વાર્તા અને શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (શા. ભક્તિનંદનદાસ)

**કલોલ (પંચવટી)માં દિવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને જેતલપુરધામના પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂ.પી.પી. સ્વામીની પ્રેરણાથી નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટીમાં તા. ૩-૧-૧૨ ના રોજ ધામધૂમ અને ભવ્યતાથી શાકોત્સવ ઉજવાયો.

આ દિવ્ય શાકોત્સવ પ્રસંગે ધામોધામના સંતો ભક્તો પધાર્યા હતા. જેમાં જેતલપુર, મહેસાણા, જમીયતપુરા, માણસા, કાંકરિયા, છપૈયાધામ, મથુરા, અમદાવાદ, અસારવા ગુરુકુળ, નાથદ્વારા, ઈડર, મૂળી અને ચરાડવા મંદિરના મહંતશ્રીઓએ પધારી પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. તા. ૩-૧-૧૨ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. જ્યાં સુંદર મજાના મોટા કડાઈમાં સુગંધીત તેલમાં સેંકડો મણ રીંગણ અને અનેક પ્રકારના મસાલાથી એવો અદ્ભુત વધાર કર્યો કે જાણે દંઢાવ્ય દેશમાં શ્રીજી મહારાજ આ અદ્ભુત લીલા કરતા હોય તેવા દર્શન સૌ સંત-હરિભક્તોને થયા હતા. પ્રાસંગિક સભામાં નવ નિર્માણ મંદિરમાં ભૂમિદાનમાં પણ ઘણા હરિભક્તોએ પોતાનું યોગદાન સેવા કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે અમે શાકના વધાર તો ઘણા કર્યા છે પણ આ કલોલ પંચવટીમાં શાકનો વધાર મજબૂત થયો છે. તેમ કહી અતિ રાજી થયા હતા. ત્યારબાદ હરિભક્તોએ ચરણ સ્પર્શ દર્શન કરીને શાકોત્સવને માણ્યો હતો. શાકોત્સવના યજમાન પ.ભ. ડાહ્યાભાઈ મણીલાલ પટેલ (સરપંચ) મોખાસણ વાળાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ૫૦૦૦ હજારથી પણ વધુ ભાવિકોએ શાકોત્સવનો લાભ લીધો હતો. આ પ્રસંગમાં કલોલ અને આજુબાજુના ગામોના હરિભકતોના સહયોગથી અનો અત્રે મંદિરના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શનથી સમગ્ર આયોજન થયું હતું. (ભક્તિનંદન સ્વામી, પ્રવિણભાઈ અને પ્રકાશભાઈ પટેલ)

**બાલવા ગામે સત્સંગિભૂષણ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બાલવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ૭ મી શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ. જેના વક્તાપદે શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા મંદિરના કોઠારી) અને સહિતા પાઠમાં સ.ગુ.શા. સ્વામી ઉત્તમપ્રિયદાસજી (મહેસાણા મંદિર મહંતશ્રી) બિરાજ્યા હતા. સમગ્ર મહોત્સવનું સંચાલન-આયોજન સ.ગુ.શા. સ્વામી ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ) એ સંભાળ્યું હતું.

તા. ૨૫-૧૨-૧૧ ના રોજ પ્રથમ યજમાન પ.ભ. કાંતિભાઈ ચૌધરી અને પ.ભ. અશોકભાઈ ચૌધરીના ઘરેથી પોથીયાત્રા ધામધૂમથી સભા મંડપમાં આવી હતી. આ પ્રસંગે ક્રમશઃ સમસ્ત ધર્મકુળનું શુભાગમન થયું હતું. સૌ પ્રથમ પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૮-૧૨-૧૧ ના રોજ પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તા. ૨૯-૧૨-૧૧ ના રોજ, પ.પૂ. લાલજી મહારાજશ્રી, તા. ૩૦-૧૨-૧૧ ના રોજ, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને તા. ૩૧-૧૨-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને દર્શન આશીર્વાદનો દિવ્ય અલૌકિક લાભ આપી ગામ ઉપર અતિ રાજી થયા હતા.

ધામોધામના સંતો રોજ પધારતા અને પોતાની અમૃતવાણીનો લાભ આપતા હતા. કથામાં આવતા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. અત્રેના ઉત્સાહી ધર્મકુળ પ્રેમી બાલ મંડળે બટાટાની વેફરનો સુંદર હાર પહેરાવી પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીને બાલિકા મંડળે ડ્રાયફ્રૂટનો હાર પહેરાવી રાજીપો મેળવ્યો હતો.

તા. ૩૧-૧૨-૧૧ ના છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચારથી અભિષેક કરી આરતી ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. યજમાન પરિવારોનું સન્માન કરી સંતો ભક્તોને રૂડા આશીર્વાદ આપી બાલવા ગામ ઉપર ખૂબજ રાજી થયા હતા. સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. ( શા. ભક્તિનંદનદાસ (જેતલપુરધામ અને શ્રી બાલવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

શ્રી નરનારાયણદેવ યુવક મંડળે શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન અને વાર્ષિક સભ્યો બનાવીને સમસ્ત ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

**જેતલપુરધામનું મહાન પવિત્ર તીર્થોતમ અક્ષર મહોલવાડીમાં સત્સંગ સભા**

કલ્યાણના કરતલ અને સૌના સંકલ્પને પૂર્ણ કરનારા જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દિવ્ય સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર ધામના મહંત પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા મહંત કે.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૩૧-૧૨-૧૧ ના રોજ અક્ષરમહોલવાડીમાં સુંદર સત્સંગ સભા થઈ હતી. પ્રથમ ભજન સંધ્યા અને ત્યારબાદ સંતોની પ્રેરક વાણીનો લાભ હરિભક્તોએ લીધો હતો. સભા બાદ સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. સમગ્ર આયોજન જેતલપુરના યુવા મહંત કે.પી. સ્વામી અને વાડીના સંચાલક શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીએ કર્યું હતું. (શા. ભક્તિનંદન સ્વામી)

**જેતલપુર મહિલા મંડળ દ્વારા ખીચડી ઉત્સવ**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ ખાતે અત્રેના મહિલા મંડળ દ્વારા ખીચડી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં જેતલપુરગામ અને આજુબાજુના ગામના બહેનોએ કથા વાર્તાનું શ્રવણ કરી

ખીચડીનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન સાં. નર્મદાબા અને સાં. બચીબાએ કર્યું હતું.

**ઝુંડાલ ગામને આંગણે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે ઝુંડાલ મંદિરમાં તા. ૨-૧-૧૨ થી તા. ૬-૧-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ વિધિવત સંપન્ન થઈ.

પારાયણના વક્તા શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી) તથા શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)એ વ્યાસાસને બિરાજીને સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોએ કથા શ્રવણનો લાભ લીધો હતો. રોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કર્યું હતું.

આ પાંચ દિવસ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ યજમાન પરિવારના આમંત્રણને માન આપી દર્શન આશીર્વાદનો લાભ આપવા પધાર્યા હતા.

અદ્‌ભુત પ્રસંગ ! અદ્‌ભુત કથા અને અતિ અદ્‌ભુત ધર્મકુળના દર્શન!

સભા સંચાલન મૂળીના શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજીએ પ્રસંગને અનુરૂપ શોભાવ્યું હતું. આ પ્રસંગના યજમાનો અ.નિ. જીવાભાઈ દેસાઈભાઈ પટેલના સુપુત્રો પ.ભ. લાલભાઈ, અ.નિ. પ.ભ. ડાહ્યાભાઈ પ.ભ. બાબુભાઈ, પ.ભ. કેશાભાઈ તથા પ.ભ. કાંતિભાઈ આદિ પરિવારે પારાયણના ઉત્સવમાં સેવા કરી ધર્મકુળ તેમજ સંત-હરિભક્તોના આશીર્વાદ મેળવ્યા હતા.

(સુનીલભાઈ બી. પટેલ ઝુંડાલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણમાં ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૧-૧-૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂજ્ય સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી, શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી, શ્યામ સ્વામી, શા. ભક્તિનંદનદાસ અને અમદાવાદ મંદિરથી મહંત સ્વામીના શિષ્ય મુનિ સ્વામી આદિ સંત મંડળ પધાર્યા હતા. પૂ. પી.પી. સ્વામીએ હરિભક્તોને કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. હરિભક્તોના આમંત્રણને પાન આપી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. પૂ. લાલજી મહારાજશ્રીના આગમનથી ગામ આનંદમાં ગરકાવ થઈ ગયું હતું. સૌ પ્રથમ બાળમંડળ દ્વારા સુંદર વિવિધ ચોકલેટનો હાર પહેરાવી રાજીપો મેળવ્યો હતો. ત્યારબાદ યુવક મંડળે ૧૬ ફૂટનો હાર પહેરાવીને રાજીપો મેળવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને ભવ્ય શાકનો વઘાર કરી સભામાં ભક્તજનોને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. સૌ ધન્ય ધન્ય બની ગયા. આ પ્રસંગના યજમાન પ.ભ. પ્રકાશભાઈ ગજ્જર તથા પ.ભ. જગદીશભાઈ ગજ્જર પરિવારે લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(શા. ભક્તિનંદનદાસજી અને પિયુષ બારોટ)

**શ્રીપ્રભા હનુમાનજી જમીયતપુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી પ્રભા હનુમાનજી મહારાજનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શ્રીરામ પારાયણનું આયોજન શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે થયું હતું. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સમસ્ત ભાઈઓને તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. આ પ્રસંગે શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું. શાકોત્સવનો વઘાર બહેનોના અતિ આગ્રહથી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે થયો હતો. જેમાં બહેનોએ આ અદ્‌ભુત દર્શન કરી ધન્ય ધન્ય બની ગયા હતા. મારુતિયજ્ઞ પણ વિધિવત રીતે થયો હતો. નામી અનામી સૌ ભક્તજનોએ સેવા કરીને સુંદર લાભ લીધો હતો. (વિજય સ્વામી મહંતશ્રી, જમીયતપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા માણસા મહંત શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે રીંગણના શાકનો વઘાર કર્યો ત્યારે સારાય માણસા વિસ્તારમાં તેની દિવ્યતા પ્રસરી ગઈ હતી. સંતોના પ્રેરક પ્રવચન-કથાવાર્તા કીર્તન ભક્તિ સભામાં થયા બાદ છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. જીતુભાઈ સાંકળચંદભાઈ પટેલ ઉપર પ.પૂ. મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. ધામોધામના સંતોએ પધારી લાભ આપેલ. માણસા અને આજુબાજુના ગામોના હરિભક્તોએ ખૂબજ સારી સેવા કરી હતી. ચંદ્રપ્રકાશ સ્વામીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પણ પ્રસંશનીય હતી. (કોઠારીશ્રી, માણસા)

**મણીયોરમાં ૬ ઠ્ઠો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી ઈડર દેશના મણીયોર મંદિરનો ૬ ઠ્ઠો પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

આ પ્રસંગે મંદિરમાં સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. જેમાં મુખ્ય યજમાન હસમુખભાઈ ભીખાભાઈ પટેલે મહાપૂજા અને આરતીનો લહાવો લીધો હતો. શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક તથા અન્નકૂટની આરતી વગેરે વિધિઓ સંતોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

અમદાવાદ, સોકલી, ટોરડા, હિંમતનગર વગેરે ધામોથી પધારેલ સંતોએ પ્રસંગોચિત વકતવ્યો આપ્યાં હતાં. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા અન્ય સંતોએ યજમાનશ્રીનું શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું. ગામોગામથી પધારેલ સત્સંગીઓ તથા મહેમાનોએ પ્રસાદ લીધો હતો. ત્યારબાદ મૂર્તિઓ સાથે સંતો અને હરિભક્તોએ આખા ગામમાં વરઘોડો કાઢ્યો હતો.

હિંમતનગર મહંત શા. હરિજીવનદાસે સભા સંચાલન શોભાવ્યું હતું. કોઠારી સત્યસંકલ્પ સ્વામી તથા શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજીએ ઉત્સવની વ્યવસ્થા સંભાળી હતી. રસોડાની વ્યવસ્થામાં શાસ્ત્રી વાસુદેવચરણ સ્વામી અગ્રેસર હતા. (કોઠારીશ્રી)

### વાવોલ મંદિરમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ

વાવોલ ગામને આંગણે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી કારતક સુદ-૫ થી કારતક સુદ-૯ સુધી પ.ભ. પટેલ અંબાલાલ ભગવાનદાસ શામળદાસ પરિવાર તરફથી 'શ્રીમદ્ સત્સંગિભૂષણ' કથા પારાયણનું મંગળ આયોજન કરવામાં આવ્યું હતું. વડનગર મંદિરના મહંત શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી સુમધુર શૈલી દ્વારા કથામૃતનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. તથા સંતો-મહંતોએ પણ પધારી પોતાની પ્રેરકવાણીનો લાભ આપ્યો હતો. સભાનું સંચાલન વડનગરના કો. શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી તથા શાસ્ત્રી વિશ્વસ્વરૂપદાસજીએ કર્યું હતું. સંહિતાપાઠના વક્તાપદે સ્વામી શ્રીવલ્લભદાસજી (ઈસંડ) તથા શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (કલ્યાણપુરા) વાળા બિરાજ્યા હતા. આ પ્રસંગનો ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો.

(શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, વડનગર)

### વડનગર ગુરુકુળમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી તથા મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી હરિસેવાદાસજીના માર્ગદર્શન મુજબ વડનગરના હરિભક્તોએ તા. ૩-૧-૨૦૧૨ ના રોજ શ્રી સહજાનંદ ગુરુકુળ વડનગરના પ્રાંગણમાં 'શાકોત્સવ'નું આયોજન કર્યું હતું. જેમાં બારસો જેટલા હરિભક્તોએ કથા-વાર્તાનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવતી હતી. સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ કથા વાર્તા કરી શાકોત્સવનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે વૃદ્ધ હરિભક્તોનું મહંત સ્વામીએ શાલ ઓઢાડી સન્માન ક્યું હતું. પ.ભ. રમણભાઈ ઈશ્વરદાસ પટેલ (મોખાસણવાળા) તથા પ.ભ. વીરજીભાઈ કચ્છી તથા મોદી મિનેષભાઈ ગોરધનભાઈ વિગેરે હરિભક્તોએ સારી સેવા કરી હતી. મંદિરના ટ્રસ્ટી મોદી નવીનચંદ્ર મણીલાલ તથા ભાવસાર ભાલચંદ્રભાઈ તથા પ.ભ. કાલીદાસ જે. પટેલ તથા ભા. હસમુખભાઈ તથા ભા. ગુણવંતભાઈ તથા પટેલ રાજેન્દ્રભાઈ રણછોડભાઈ વિગેરેએ ખૂબજ સેવા કરી પ્રસંગ દિપાવ્યો હતો.

(નવિનભાઈ ભાવસાર)

### માંડલ મંદિરમાં પ્રથમ શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ.પી.પી. સ્વામી (જેતલપુરધામ)ની પ્રેરણાથી માંડલ ગામમાં તા. ૧૩-૧-૧૨ ના રોજ પ્રથમ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામ, મહેસાણા અને જમીયતપુરાથી સંતો પધાર્યા હતા. સભામાં ધૂન કીર્તન બાદ જેતલપુરના શા. ભક્તિનંદન સ્વામીએ કથાનો લાભ આપેલ. ગામના બહેનોની રોટલા બનાવવાની સેવા ભૂલાય તેવી ન હતી. વયોવૃદ્ધ પૂ. શ્યામ સ્વામીએ શાકનો સુંદર વધાર કરી હરિભક્તોને રાજી કર્યા હતા. શાકોત્સવને પૂર્ણ રીતે માણીને સૌ હરિભક્તો ધન્ય બની ગયા!

(મહંતશ્રી કે.પી. સ્વામી જેતલપુરધામ)

### કૂજાડ ગામે શાકોત્સવની ભવ્ય ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૨૨-૧-૧૨ ના રોજ કૂજાડ ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. વિજયભાઈ પટેલ અને ગામના નાના-મોટા હરિભક્તોની સેવા પણ પ્રસંશનીય હતી. આ પ્રસંગે જેતલપુરધામના પૂ. પી.પી. સ્વામી એ શાકનો અલૌકિક વધાર કરીને શાકોત્સવ ભવ્યતાથી ઉજવાયો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી. ત્યારબાદ શા. ભક્તિનંદન સ્વામી, શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી અને વાડીના વિદ્યાર્થી સંતોએ મહારાજની લીલા ચરિત્રની કથા કરી હતી. છેલ્લે પૂ. પી.પી. સ્વામીએ સૌ હરિભક્તોને આશીર્વાદ આપી રાજી કર્યા હતા. કૂજાડના ભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન પૂજય શ્યામ સ્વામી, સ.ગુ. મહંત કે.પી. સ્વામી અને કલોલ મંદિરના મહંત વી.પી. સ્વામીએ સંભાળ્યું હતું. (શા. ભક્તિનંદન સ્વામી)

### સ.ગુ. વાસુદેવાનંદ વર્ણીના માલપુર મંદિરનો પાટોત્સવ ઉજવાયો

શ્રીહરિને અતિ પ્રિય એવા સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજીની જન્મ ભૂમિ માલપુર ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી માલપુર મંદિરના દેવોનો દશમો પાટોત્સવ અ.નિ. પ.ભ. સાંકળચંદ ઉમેદરામ પટેલ (માણસા-અમદાવાદ) તથા રઈબેન સાંકળચંદ પટેલ પરિવાર તરફથી ઉજવાયો.

આ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થયા હતા. અ.નિ. સ.ગુ. ગવૈયા સ્વામીના શિષ્ય મંડળે કીર્તન ભક્તિ કરી હતી. આ પ્રસંગે ધામો ધામના સંત-હરિભક્તો દર્શન અને કથા શ્રવણનો લાભ લેવા પધાર્યા હતા. સભામાં માધવ સ્વામી (પ્રાંતિજ મહંત) અને શા.સ્વા. અખિલેશ્વરદાસજી એ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા સ્વામી પ્રેમસ્વરૂપદાસજી અગ્રેસર રહ્યા હતા. (શા. સર્વેશ્વરદાસ)

### આકરૂંદ ગામમાં તૃતિય શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી આકરૂંદ નવ નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉપલક્ષમાં ભવ્ય તૃતિય શાકોત્સવનું આયોજન મંદિર નિર્માતા શા. સ્વા. અખિલેશ્વરદાસજી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આકરૂંદ દ્વારા કરવામાં આવ્યું હતું. સભામાં માણસાના ઘનશ્યામ સ્વામીએ 'સંતવાણી' માં વ્યાખ્યાન આપ્યું હતું. પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો અદ્ભુત

વધાર થયો હતો.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, જેતલપુર ધામના મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને મૂળી મહંત શા.સ્વા. નારાયણપ્રસાદદાસજીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. સભા સંચાલન શા. સુખનંદનદાસજીએ કર્યું હતું. સ્વાગત પ્રવચન આદિ શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ કર્યું હતું.

આ પ્રસંગે ધામો ધામથી સંત-હરિભક્તો પધાર્યા હતા. શાકોત્સવની વ્યવસ્થામાં સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (લાલોડા) સ્વામી સર્વેશ્વરદાસજી, સ્વા. બાલસ્વરૂપદાસજી અને સ્વા. વિશ્વેશ્વરદાસજી રહ્યા હતા. આકરૂંદ યુવક મંડળ તથા નાના મોટા હરિભક્તો ખૂબજ સેવા કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂજનના યજમાનનો લાભ પ.ભ. પટેલ હિતેન્દ્રભાઈ (બિપીનભાઈ) વિરજીભાઈએ લીધો હતો. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારના બાંધકામ પેટે પ.ભ. પ્રેમજીભાઈ મગનભાઈએ (આકરૂંદ) રૂા. ૧,૫૧,૦૦૦-૦૦ નું દાન જાહેર કર્યું હતું. બીજા અન્ય હરિભક્તોએ સેવા નોંધાવી હતી. આજુબાજુના ઘણા હરિભક્તોએ પણ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણસ્પર્શ દર્શન કરી શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

(શા. સર્વેશ્વરદાસ)

**સમૌ ગામમાં શ્રી રામ ચરિત્ર સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી સમૌ ગામમાં બિરાજમાન શ્રીહનુમાનજીદાદાના સાનિધ્યમાં શ્રી રામચરિત્ર માનસ કથાનું સુંદર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત ગામ તરફથી થયું હતું. જેના વકતાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ બિરાજી સુંદર કથાનું પાન કરાવ્યું હતું.

કથા દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. જેમાં મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી, શા.સ્વા. આનંદજીવનદાસજી આદિ ધામોધામથી સંતોએ પધારી પ્રેરક પ્રવચન આપ્યા હતા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત ગ્રામજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. (શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી)

**વાવોલ ગામે શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) તથા સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી વાવોલમાં તા. ૮-૧-૧૨ ના રોજ શાકોત્સવ ભવ્યતાથી ઉજવાયો હતો.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત શાકોત્સવનો લાભ ૧૫૦૦ જેટલા ભાવિકોએ લીધો હતો. શ્રીનરનારાયણદેવ યુવક મંડળ અને ગામના શ્રધ્ધાળુ ભાવિક હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. સંતો દ્વારા કથાવાર્તા અને કીર્તન ભક્તિ થયા હતા. અમદાવાદથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી યજમાન પરિવાર આદિ ભક્તોને હાર પહેરાવી રાજી થયા હતા. સભામાં સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વા. દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી), બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી અને શા. સ્વા. નારાયણવલ્લભદાસજી આદિ સંતોએ ભગવાન સંબંધી વાતો કરી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શાકોત્સવનો વધાર કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર)

**પોર ગામે પ્રથમ શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૮-૧-૧૨ ને રવિવારના રોજ પોર ગામે પ્રથમ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આયોજીત ભવ્ય શાકોત્સવનો લાભ ૧૨૦૦ ભાવિક ભક્તોએ લીધો હતો. સ.ગુ.શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી અને નિલકંઠ સ્વામીએ સુંદર કથાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં ભવ્ય શાકોત્સવનો વધાર કર્યો હતો. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) તથા મોટા જે.પી. સ્વામી તથા સ.ગુ.શા. સ્વામી નારાયણવલ્લભદાસજી આદિ સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખંતથી સેવા કરનાર શ્રી નરનારાયણદેવ યુવક મંડળને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)એ સંભાળ્યું હતું.

(વિનુભાઈ પોર)

**મુબારકપુરમાં ૧૨ કલાકની મહામંત્ર ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા.સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી મુબારકપુરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણના દિવસે તા. ૧૪-૧-૧૨ ના રોજ સવારે ૭ થી સાંજના ૭ કલાક સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન હરિભક્તોએ સાથે મળી કરી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પૂ.પી.પી. સ્વામી (નારાયણઘાટ)એ સંત મંડળ સાથે પધારી હરિભક્તોને આશીર્વાદ આપી રાજી કર્યા હતા. (શા. દિવ્યપ્રકાશદાસજી નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો.

અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા ત્યારે લુણાવાડાના હરિભક્તોએ સુંદર સ્વાગત સામૈયુ કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રી ગામમાં આપણા મંદિરે ઠાકોરજીની આરતી ઉતારીને છપૈયાધામ (સોસાયટી) મંદિર ભવ્ય શોભાયાત્રાના રૂપે પધાર્યા હતા.જ્યાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા.

જ્યાં સુંદર અલૌકિક શાકનો વધાર સ્વહસ્તે કર્યો હતો. પ્રાસંગિક સભામાં આનંદ સ્વામી, વિશ્વસ્વરૂપ સ્વામી, હરિસ્વરૂપ

સ્વામી અને જે.કે. સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સર્વાવાતારી શ્રીહરિની સુંદર દૃષ્ટાંત સાથે વાત કરીને ગામના ભક્તો ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. ઘણાજ મુમુક્ષુઓને ગુરુમંત્ર આપીને સત્સંગી કર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વતી હર્નિશ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીની પ્રેરણાથી લવારપુર ગામમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઘર સભા યોજીને સર્વોપરિ શ્રીહરિનું અને ધર્મકુળનુ માહાત્મ્ય, નિયમ, નિશ્ચય અને પક્ષની વાત સાથે વચનામૃત વાચન, કીર્તન ભક્તિ આદિ ભગવાનને રાજી કરવા અંદાજે ૪૦ સત્સંગી યુવાનો આવી સુંદર પ્રવૃતિ ગામમાં અને આજુબાજુના ગામોમાં પણ કરે છે. ધનુર્માસમાં ઘણાજ હરિભક્તો નિત્યે અવનવા થાળ બનાવી મંદિરમાં ઠાકોરજીને ધરાવતા હતા. મહાપૂજા પણ કરવામાં આવી હતી.

(પુરુષોત્તમ કા. પટેલ (દાસભાઈ))

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરના સંતોની પ્રેરણાથી અત્રે મંદિરમાં ધનુર્માસમાં સવારે ૫ થી ૬ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય કરી હતી. જેતલપુર વાડીના વિદ્યાર્થી સંતોએ ધૂન્યમાં પધારીને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (જયંતીભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) વિરાટનગર**

વિરાટનગર ઓઢવ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં સમસ્ત સત્સંગી બહેનો દ્વારા કથાવાર્તા ધૂન-ભજન ઠાકોરજીને થાળ આદિ સવારના ૫ થી ૭ સુધી કરવામાં આવ્યા હતા. તા. ૧૩-૧-૧૨ ના રોજ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને સ્વયં ધૂનમાં બેસીને ધૂન કરી હતી. બહેનોએ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું સ્વાગત પૂજન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. સાં. રંજનબા તથા નાનીબેને પુષ્પહાર પહેરાવીને સ્વાગત પૂજન કર્યું હતું. છેલ્લે શ્રી નરનારાયણદેવની નિષ્ઠાની વાત કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ દરેક બહેનોએ ચરણ સ્પર્શ દર્શન કરી ધન્ય બન્યા હતા. (નાની બેન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. વાડીલાલ અમથારામ મોદી પરિવાર તરફથી શાકોત્સવ ઉજવાયો હતો. સભામાં બળદેવ સ્વામી અને હરિજીવન સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ધૂન્ય કીર્તન આદિ કર્યા હતા. ત્યારબાદ શાકોત્સવ થયો હતો. જેમાં આજુબાજુના ગામોના સહિત ૨૦૦૦ જેટલા હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(કોઠારી હરિભાઈ મોદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ શાકોત્સવ**

શ્રી નરનારાયણદેવ તાબાના દહેગામ ટેબલા ફળી શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૫-૧-૨૦૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ શાકનો અદ્‌ભુત અલૌકિક વધાર કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

સભામાં પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, દેવ સ્વામી, (નારણઘાટ) આનંદ સ્વામી અને નટુ સ્વામી પધાર્યા હતા. સંતોની અમૃતવાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. હજારો હરિભક્તોએ દર્શન કથા વાર્તા અને શાકોત્સવનો લાભ લઈ ધન્ય ભાગી બન્યા હતા.

(કોઠારી હર્ષદભાઈ પટેલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**સુરેન્દ્રનગર મંદિરમાં ધનુર્માસ અને શાકોત્સવ ઉજવાયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી આખો ધનુર્માસ હરિભક્તોએ મોટી સંખ્યામાં ધૂન્યનો લાભ લીધો. શા. સત્યસંકલ્પ સ્વામીએ કથા વાર્તાનો અને પૂજારી સ્વામી ભક્તિસ્વરૂપદાસજીએ તથા શા. પ્રેમવલ્લભદાસજીએ ઠાકોરજીને અવનવા શણગાર ધરાવી દર્શન કરાવ્યા હતા. તા. ૧૪-૧-૧૨ ના રોજ એક માસની ધૂન્યના યજમાનો માટે સમૂહ મહાપૂજા અને મહાપ્રસાદનું સુંદર આયોજન થયું હતું.

ભવ્ય શાકોત્સવ : તા. ૭-૧-૨૦૧૨ ના રોજ સુરેન્દ્રનગર મંદિરમાં ભવ્ય શાકોત્સવમાં ૧૦ હજાર થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો.

શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી, શા. સુવ્રતસ્વરૂપદાસજી અને શા. સત્યસંકલ્પદાસજી એ કથાવાર્તાનો લાભ આપેલ. કોઠારી સ્વામીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી. અત્રેના મહિલા મંડળની સેવા પણ પ્રેરણારૂપ હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડીમાં શાકોત્સવ**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાંખ્યયોગી શાંતાબા, હંસાબા તથા રંજનબાની પ્રેરણાથી તા. ૩૦-૧૨-૧૧ ના રોજ પાટડીમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (સુરેન્દ્રનગર મંદિર) અને સંત મંડળે કથાવાર્તા કરીને સર્વે હરિભક્તોને રાજી કર્યા હતા. આ પ્રસંગમાં પાટડી અને આજુબાજુના ગામોના હરિભક્તોએ શાકોત્સવ અને કથાવાર્તાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(નારાયણસિંહ પરમાર)

**ચરાડવા ધામમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ચરાડવા (શા.સ્વા. ગોપાલચરણદાસજીની કર્મભૂમિ) ધામમાં તા. ૧૭-૧-૧૨ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે સ.ગુ. શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ શાકોત્સવનું કથામાં અદ્‌ભુત વર્ણન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ચરાડવા પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ભવ્ય શોભાયાત્રા કાઢીને અલૌકિક દર્શન સૌને કરાવ્યા હતા. પ.પૂ.

આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીના દર્શન કરી શાકોત્સવના સ્થળે સભામાં પધાર્યા હતા. જ્યાં ૧૦૦ જેટલા બાળકોને પોતાના વરદ્ હસ્તે કંઠી બાંધી હતી. સ્વયં અદ્‌ભુત મહાઅલૌકિક શાકનો વધાર કરી હજારો હરિભક્તોને રાજી કર્યા હતા. ચરાડવા ગામ સમસ્ત સત્સંગ સમાજે આ ભવ્ય આયોજન કર્યું હતું.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, મૂળી મંદિરના મહંત સ્વામી, નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી, ચરાડવા મંદિરના મહંત સ્વામી અને સુરેન્દ્રનગરના કોઠારી સ્વામી આદિ સંતોએ પધારી પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સંત-હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ ચરાડવા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં ધનુર્માસ દરમ્યાન સવારે ૫-૪૫ થી ૬-૪૬ સુધી અખંડ ધૂન ત્યારબાદ શણગાર આરતી બાદ મહંત સ્વામીએ નિષ્કુળાનંદ સ્વામી રચિત સાર સિધ્ધિ ગ્રંથની કથા ૧૫ જાન્યુઆરી સુધી કરી હતી. જેમાં ઘણા હરિભક્તો ધૂન્ય અને કથાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી શિકાગો ખાતે સત્સંગ શિબિર ધનુર્માસ ધૂન્ય અને ઉત્તરાયણ આદિ ઉત્સવો ઉજવાયા હતા.

ધનુર્માસમાં મંગળા આરતી અને ધૂન્યમાં ઘણાજ હરિભક્તો આવતા હતા. નિલકંઠ સ્વામી કથાનો લાભ આપતા હતા.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ડિસેમ્બરના છેલ્લા વિકમાં બાળકો, યુવકો અને યુવતીઓની ચાર દિવસની શિબિર યોજી હતી. જેમાં ઠાકોરજીની આરતી-પ્રવચન અને વિવિધ પ્રવૃતિ કરવામાં આવી હતી. શિબિરને સફળ બનાવવામાં દિનેશ, ઈશાન, વિકાસ, શનિ, ધ્રુવ, નિરવ અને જૈનિક વિવેક, મિતુલ, પૂર્વિશ, સંજય, હેમલ, નિરવ જેવા યુવા-બાળકોએ સુંદર સેવા આપી હતી. કિચનના સભ્યો એ (બહેનો) પણ સારી સેવા બજાવી હતી.

ઉત્તરાયણના જ્ઞાન શિબિરમાં મહંત સ્વામી અને પૂજારી સ્વામીએ સુંદર કથા કરી હતી. સભા સંચાલન પૂર્વિશ પટેલ અને મિતુલ રાવે કર્યું હતું.

રાજુભાઈ પરીખ, હરિકૃષ્ણભાઈ પટેલ, પૂર્વિશ પટેલ, મોટા ભગત, વિવેક બ્રહ્મભટ્ટ આદિ હરિભક્તોએ વિવિધ વિષયો પર સંપ્રદાય લક્ષી જ્ઞાન આપ્યું હતું. જેમાં બીજા ઘણા ભક્તોએ વેબ ઉપર જીવંત પ્રસારણનો લાભ લીધો હતો. કીર્તન ભક્તિમાં શ્રી નરેશ ગાંધી, રાજુભાઈ પરીખ, અભિ, બિપીન કવિ, જૈનિક મહેતા, ઈશાન અને અમરીષ પટેલ જેવા હરિભક્તોએ કીર્તન ભક્તિ કાર્યક્રમ કર્યો હતો. પ્રમુખ જગદીશભાઈ અને શાંતિ પ્રકાશ સ્વામીએ શિબિરની આભાર વિધિ કરી હતી. ઉત્તરાયણ નિમિત્તે મહંત સ્વામી અને પૂજારી સ્વામીએ ઝોળી ફેરવી હતી તેમાં હરિભક્તોએ સુંદર દાન કર્યું હતું. (વસંત ત્રિવેદી)

### વિશિંગ્ટન ડી.સી. આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી ૧૭ ડિસેમ્બરના શનિવારે સાંજે ૫-૧૫ થી ૯-૧૫ સુધી કથાવાર્તા ધૂન-કીર્તન ઠાકોરજીની આરતી થાળ સમૂહમાં હરિભક્તોએ કર્યા હતા સાંજે ૬-૧૫ થી દોઢ કલાક કોલોનીયા થી પૂ. જ્ઞાન સ્વામીએ લાઈવ ટેલીકાસ્ટ દ્વારા કથાનો લાભ આપ્યો હતો. સાંજે ૧૫ મિનિટ સુધી ઈન્ડિયા વડનગર મંદિરથી શા. વી.પી. સ્વામીએ અમૃત વાણીનો લાભ આપ્યો હતો. છેલ્લે હરિભક્તોએ જન મંગલ પાઠ કરી પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. (કનુભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ફ્લોરિડા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા. યોગીચરણદાસજીની પ્રેરણાથી આપણા ફ્લોરિડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં માગસર વદ-૧૧ ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિન નિમિત્તે સાડા ત્રણ કલાક ધૂન કરી હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. લંડનથી પધારેલા પ.ભ. હિરજીભાઈ વરસાણી અને પ.ભ. નારણભાઈ રાધવાણીએ પણ ધૂન્યનો લાભ લીધો હતો. (મણીભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટરમાં ધનુર્માસમાં દર શનિ રવિના રોજ એક કલાક ધૂન્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૪-૧-૧૨ ઉત્તરાયણ પ્રસંગે ૪ કલાકની અખંડ ધૂન્ય થઈ હતી. જેમાં યજમાન અ.સૌ. હિરાબેન હસમુખભાઈ વાઢેર રહ્યા હતા. દૈનિક ધૂનમાં ૩૨ હરિભક્તોએ લાભ લીધો હતો. હિરાબેન હસમુખભાઈ વાઢેર પરિવાર તરફથી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિને ૪ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્યના ૫ વર્ષ માટે યજમાન નોંધાયા હતા. ધનુર્માસ ધૂન્યમાં મહાપ્રસાદના મુખ્ય યજમાન અ.સૌ. નવેદિતાબેન તરૂણભાઈ ત્રિવેદી રહ્યા હતા. આ પ્રસંગે આઈ.એસ.એસ.ઓ. યુરોપના પ્રમુખ પ.ભ. અશોકભાઈ પટેલ લંડનથી પધાર્યા હતા અને શુભેચ્છા વ્યક્ત કરી હતી.

શા.સ્વા. ધર્મવલ્લભદાસજીએ યજમાન પરિવારને સેવાનું બળ મળે તેવા આશીર્વાદ આપ્યા હતા. અમદાવાદ મંદિરમાં ધનુર્માસની માસિક ધૂનમાં લેસ્ટરના ૨૫ હરિભક્તો યજમાન બન્યા હતા. આ ઉત્સવમાં ધૂન્યમાં મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા અને મહાપ્રસાદ લીધો હતો.

(કિરણભાવસાર સહમંત્રી લેસ્ટર)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| માગસર સુદ-૧/૨ | પ.ભ. માવજી વેલજી હિરાણી (મગશ) | મિરજાપર |
| માગસર સુદ-૩ | પ.ભ. બીજલબેન કિરીટભાઈ ચંદુલાલ પટેલ (ચુરમાના લાડુ) | ગાંધીનગર |
| માગસર સુદ-૩ | પ.ભ. શૈલેષભાઈ ધનજીભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| માગસર સુદ-૩ | પ.ભ. સેજલબેન હિંમતલાલ દુધાત (મગશ) | અમદાવાદ |
| માગસર સુદ-૭ | પ.ભ. નટવરભાઈ ગંગારામભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| માગસર સુદ-૯ | અ.નિ. રાધાબેન નાનજી ગોરસીયા (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| માગસર સુદ-૧૦ | પ.ભ. અંબાલાલ ઈશ્વરભાઈ પટેલ (મોહનથાળ) (હ. રમણભાઈ, દેવ સ્વામી નારણઘાટ) | રાણીપ |
| માગસર સુદ-૧૦ | પ.ભ. કલ્પનાબેન રમેશચંદ્ર ભટ્ટ (ડ્રાયફૂટ હલવો) | |
| માગસર સુદ-૧૦ | પ.ભ. પટેલ કાન્તાબેન ગોરધનદાસ શંકરદાસ (ચુરમાના લાડુ) (હ. પ્રવિણભાઈ) | વડુ |
| માગસર સુદ-૧૦ | પ.ભ. અમરબાઈ દેવજી રાબડીયા | ભુજ-કચ્છ |
| માગસર સુદ-૧૨ | અ.નિ. મનજીભાઈ શામજીભાઈ ગોરસીયા (ચુરમાના લાડુ) | કચ્છ-માનકુવા |
| માગસર સુદ-૧૨ | પ.ભ. ધીરેનભાઈ અનંતરાય કામદાર (અડદીઓ) | પોરબંદર |
| માગસર સુદ-૧૨ | અ.નિ ભુદાસભાઈ કરશનભાઈ સોરઠીયા (અડદીઓ) (હ. દેવ સ્વામી નારણઘાટ) | |
| માગસર સુદ-૧૨ | સાંખ્યયોગી સુંદરબા (મોહનથાળ) | અમદાવાદ-હવેલી |
| માગસર સુદ-૧૨ | પ.ભ. કલ્યાણ કાનજી વેકરા | ભુજ-કચ્છ |
| માગસર સુદ-૧૪ | પ.ભ. બિપીનભાઈ મનસુખભાઈ ટાંક (ચુરમાના લાડુ) | મુંબઈ-કાંદીવલી |
| માગસર સુદ-૧૪ | પ.ભ. પટેલ રાજેશકુમાર ભક્તિભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| માગસર વદ-૧ | પ.ભ. અશોકભાઈ ગોકળદાસ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| માગસર વદ-૧ | પ.ભ. નવિનચંદ્ર ડાહ્યાભાઈ ભાવસાર (ચુરમાના લાડુ) | બાપુનગર |
| માગસર વદ-૧ | પ.ભ. માધવલાલ રણછોડદાસ પાટડીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| માગસર વદ-૧ | પ.ભ. જેશંગભાઈ ધેમરભાઈ (ચુરમાના લાડુ) (હ. ભંડારી સૂર્યપ્રકાશ સ્વામી) | બાલવા |
| માગસર વદ-૫ | અ.નિ. ચંપાબેન ચતુરદાસ પટેલ (અડદીઆ) (હ. મહેશભાઈ, જે.કે. સ્વામી) | અમદાવાદ |
| માગસર વદ-૭ | પ.ભ. મેહુલભાઈ ઝવેરી (ભૂપેન્દ્ર પ્રભુદાસ) (મગશ) | અમદાવાદ |
| માગસર વદ-૭ | અ.નિ. મોહનદાસભાઈ આર. બારસીયા (અડદીઆ) (હ. અમૃતભાઈ, દેવ સ્વામી નારણઘાટ) | રાજકોટ |
| માગસર વદ-૮ | પ.ભ. શારદાબેન નાથાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| માગસર વદ-૯ | પ.ભ. ચૌધરી છગનભાઈ નાથાભાઈ (ચુરમાના લાડુ) (હ. સૂર્યપ્રકાશ સ્વામી ભંડારી) | બાલવા |
| માગસર વદ-૯ | અ.નિ. સાંખ્યયોગી અમૃતબાઈ (ચુરમાના લાડુ) (હ. મહંત કે.પી. સ્વામી, જેતલપુર) | |
| માગસર વદ-૧૨/૧૩ | પ.ભ. મહિપતભાઈ આર. ઓઝા (મગસના લાડુ) (હ. ઘનશ્યામભાઈ) | કલકતા |
| માગસર વદ-૧૪ | પ.ભ. મનજી શીવજી હિરાણી (અડદીઓ) | ફોટડી |

### અમદાવાદ અને મૂળી દેશના બહેનોના મંદિરોમાં ચાલતી સત્સંગ સભા અંગે

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અમદાવાદ અને મૂળી દેશના ગામોના બહેનોના મંદિરોમાં સત્સંગ સભા નિયમિત કરવાનું આયોજન કર્યું છે. સમસ્ત બહેનોને સભાનો લાભ લેવો અને તેમાં સૌએ સાથ સહકાર આપવો. આ તો આપણા ઈષ્ટદેવને રાજી કરવા માટે છે.

-આજ્ઞાથી

### સંપ્રદાયનું ગૌરવ

શ્રી નરનારાયણદેવ ગાદીના અમેરિકા કોલોનીયાના આપણા નિષ્ઠાવાન સત્સંગી પ.ભ. નયનભાઈ પરીખને ન્યુયોર્કના **"Department of Environment Protection"** ના બોર્ડ મેમ્બર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આવા ગૌરવપદ સમાચાર જાણી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેમના પર ખૂબજ રાજી થયા છે અને તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

**વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર : સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, સ.ગુ. શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજીના ગુરુ અને શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજીના દાદા ગુરુ વયોવૃદ્ધ સંત સ.ગુ.સ્વામી હરિસેવાદાસજી (વડનગર સ્વામિનારાયણ મંદિરના મહંતશ્રી) ગુરુ સ.ગુ. સ્વામી જીષ્ણુચરણદાસજી (ઉ. ૧૦૧ વર્ષ) તા. ૧૨-૧-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.**

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૭/- કપીલભાઈ ચંદુભાઈ કાચા ટેલર્સ શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર બેંગ્લોર
૧૦૧/- તારાબેન લાલજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- અ.નિ. માવજી હિરજી પરમાર ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ દિશાબેન મુકેશચંદ્ર નોકરી મળી તે નિમિત્તે ચલોડા
૧૦૦/- પટેલ હર્ષકુમાર કનૈયાલાલ જન્મદિન નિમિત્તે ઝુલાસણ
૧૦૦/- પટેલ રમેશભાઈ કરશનભાઈ મારૂસણા
ચિ. નયનના જન્મ દિન નિમિત્તે
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલના સ્મરણાર્થે મહેસાણા
૧૦૧/- પરમાર મનુભાઈ મોતીભાઈ બળોલ (ભાલ)
ચિ. હાર્દિકના લગ્ન પ્રસંગે
૫૫૦/- પટેલ ચંદ્રિકાબેન અશોકભાઈ માતા પિતાના સ્મરણાર્થે ચાંદખેડા
૧૧૧/- સોની કિંજલબેન હિતેષભાઈ કેનેડા ગયા તે નિમિત્તે સોલાગામ
૫૦૦/- જોશી પદમાબેન ચંદ્રકાન્ત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૧/- કા. હિરેનકુમાર નિલેશભાઈ પુત્રીના જન્મ પ્રસંગે કોઠંબા
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ઘોડાસર
૧૦૧/- મોદી રમણલાલ અમૃતલાલ ચિ. અપેક્ષાના લગ્ન પ્રસંગે હિંમતનગર
૧૦૦/- પટેલ પંથ પરાગ તા. ૨૩-૧૧ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર જીગર જીતેન્દ્રભાઈ ઘોડાસર
નવી ઓફિસના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૦/- પટેલ સુહાગ વિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા
૧૦૦/- ભાવસાર જે. જે. હ. વૈશાલી શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૧૧/- પટેલ મહેન્દ્રભાઈ સહ પરિવાર અમદાવાદ-રાણીપ
દેશમાં આવ્યા તે નિમિત્તે
૧૧૧/- પટેલ જીગ્નેશભાઈ ભક્તિભાઈ
રાણીપમાં IELTS ની ઓફિસ કરી તે નિમિત્તે
૧૦૦/- પટેલ સંજય ચિમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૦/- પટેલ જીતેન્દ્ર દશરથભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ ધનુર્માસ નિમિત્તે બાવળા
૧૦૦૧/- પટેલ જ્યોત્સનાબેન નારણભાઈ એ. અમેરિકા (વડુવાળા)
ચિ લેકમીના શુભ લગ્ન પ્રસંગે
૧૦૧/- ચાવડા ચંપાબેન ચંદુલાલ દિલીપભાઈનું મુંબઈ (બળોલ)
ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૧/- વાઘેલા જયદિપસિંહ સુધીરસિંહ શુભ લગ્ન પ્રસંગે સાથળ
૧૦૦/- મોરી ઘનશ્યામભાઈ જીવાભાઈ મુળજીભાઈ કાલીયાણા
સિધ્ધરાજના જન્મ દિન નિમિત્તે
૧૦૦/- મોરી વર્ષાબેન જીવાભાઈ ભાણા જયદિપના સ્મરણાર્થે કાલીયાણા
૧૦૧/- પરમાર જીગ્નેશ મહાદેવભાઈ લગ્ન પ્રસંગે મોટા ગોરૈયા (નરોડા)
૧૦૧/- ચાવડા મનીષ ડાહ્યાભાઈ ચિ. ધ્રુવના જન્મદિન નિમિત્તે પૂના
૨૫૧/- સોની કરણ વિપુલભાઈ જન્મ દિન નિમિત્તે મોડાસા
૨૫૧/- પટેલ મંજુલાબેન ગોરધનભાઈના સ્મરણાર્થે ઉવારસદ
૧૦૦/- નગીનદાસ હરિચંદ ચિ. શિતલબેનને ગઢડા સ્વામીના
ત્યાં ભાણાના જન્મ પ્રસંગે
૧૦૦/- પટેલ સંકેત રજનીકાન્ત પુત્રના જન્મ દિન નિમિત્તે નાંદોલ
૧૦૧/- પટેલ અંશ રોહિતભાઈ જન્મ નિમિત્તે અમદાવાદ
૨૦૧/- પટેલ મુકેશભાઈ ભુદરદાસ દિપીકાબેન બોપલ
ગ્રામ પંચાયતમાં ૧૭ વોર્ડમાં ચૂંટણીમાં જીત્યા તે નિમિત્તે
૨૦૧/- પટેલ દિપકભાઈ આર. સૌમીલ એકતાના ગાંધીનગર-ઉનાવા
લગ્ન પ્રસંગે
૨૦૧/- પટેલ જયંતીભાઈ બી. સાબરમતી (ઝુંડાલ)
ચિ. એકતા અને સૌમીલના લગ્ન પ્રસંગે

૧૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ ધનુર્માસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ પ્રેસી સુનીલકુમાર જન્મ દિન નિમિત્તે મારૂસણા
૧૦૦/- પટેલ કૃણાલભાઈ નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પંચાલ અરવિંદભાઈ જીવરામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદલોડીયા
૧૦૧/- વાઘેલા ઘનશ્યામસિંહ પોપટસિંહ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામ ડાંગરવા
ચિ. કિંજલને નોકરી મળી તે નિમિત્તે
૧૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામ દુકાન વેચી તે નિમિત્તે ડાંગરવા
૨૦૨/- ટાંક નિમેષ અને અંકિત બિપીનભાઈ ધનુર્માસ નિમિત્તે કાંદીવલી
૧૦૧/- ટાંક નિયતિ પ્રવિણ ધનુર્માસ નિમિત્તે મુંબઈ
૧૦૧/- ભાવસાર ભાવેશ સુરેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ટાંક બાબુભાઈ જીણાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરારોડ-મુંબઈ
૧૦૦/- રાઠોડ દયાળજીભાઈ નરસીભાઈ ચિ. હેતલના લગ્ન પ્રસંગે જીરાગઢ
૧૦૧/- ભાવસાર ભાર્ગવ રાજેન્દ્રકુમાર નાસિક
મેકેનિકલ એન્જી.માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે
૧૦૧/- ભાવસાર માલવી રાજેન્દ્રકુમાર ફાર્મસીમાં એડમીશન નિમિત્તેનાસિક
૨૦૨/- ચૌહાણ હેમલતાબેન અમરશીભાઈ નવસારી
ચિ. નિલેશના લગ્ન પ્રસંગે
૧૧૧/- ટાંક રામજીભાઈ ખીમજીભાઈ ચિ. રજનીકાન્તના લગ્ન પ્રસંગે વાપી
૧૦૦/- ચૌધરી માનવ સમીરકુમાર જન્મ દિન નિમિત્તે પ્રતાપપુરા
૧૦૦/- ચૌધરી સિમરન દુષ્યંતકુમાર જન્મ દિન નિમિત્તે પ્રતાપપુરા
૧૦૦/- ચૌધરી દેવીશ જગદીશકુમાર (ભાણો) જન્મ દિન નિમિત્તે માણેકપુરા
૧૦૦/- ચૌધરી દેવરાજ દુષ્યંતકુમાર પ્રતાપપુરા
જન્મ દિન નિમિત્તે (હ. મણીબેન)
૧૦૧/- પરમાર એલ. વી. અ.નિ. ભરતસિંહની બળોલ (ભાલ)
૧૧ મી પુણ્ય તિથિ નિમિત્તે
૨૫૦/- મોરી કલાભાઈ ગણેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- શિવસિંહ વેસુભા ધનુર્માસ નિમિત્તે ગરોડીયા
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૫૧/- સોની ચિંતન હર્ષદભાઈ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે લીંબડી
૧૦૦/- ડાભી રજુજી શિવાજી શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવા
૧૦૧/- પોરીયા રૂદ્ર પ્રવિણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પરમાર વિશાલ જસવંતરાય જન્મ દિન નિમિત્તે મુંબઈ
૧૫૧/- બારોટ જીતેન્દ્ર ડાહ્યાભાઈ મકાન બનાવ્યું તે નિમિત્તે નરોડા
૧૦૦/- અ.નિ. કા. કપીલાબેન મણીલાલના સ્મરણાર્થે બાલાસિનોર
૧૦૦/- કા. અવની સૂકેતુ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- બૂટીયા ચંપાબેન રણછોડભાઈ
બળોલ-ભાલ ગ્રામ પંચાયતમાં સભ્યપદે ચૂંટાયા તે નિમિત્તે
૧૦૦/- પરમાર મધુબેન અશોકભાઈ
બળોલ-ભાલ ગ્રામ પંચાયતમાં સભ્યપદે ચૂંટાયા તે નિમિત્તે
૧૦૦/- પરમાર ચંદુભાઈ વાલાભાઈ
બળોલ-ભાલ ગ્રામ પંચાયતમાં સભ્યપદે ચૂંટાયા તે નિમિત્તે
૧૦૦/- ખેર હરિભાઈ કમાભાઈ
બળોલ-ભાલ ગ્રામ પંચાયતમાં સભ્યપદે ચૂંટાયા તે નિમિત્તે
૧૦૦/- ચાવડા કૌશિકભાઈ શાંતિભાઈ
બળોલ-ભાલ ગ્રામ પંચાયતમાં સભ્યપદે ચૂંટાયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ જેરામભાઈ વાલાભાઈ
બળોલ-ભાલ ગ્રામ પંચાયતમાં સભ્યપદે ચૂંટાયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ સૃષ્ટિબેન જીજ્ઞેસભાઈ જન્મ દિન નિમિત્તે નાંદોલ
૧૦૧/- ચૌહાણ દર્શનાબા અનીલસિંહ જન્મ દિન નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- પટેલ સચિનકુમાર દિપકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ વિરેનકુમાર કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૦/- ભાવસાર રમણલાલ ડાહ્યાલાલ શ્રીજી પ્રસન્નાર્થે કડી
૧૦૦/- ઉમા ટ્રેડીંગ કું. શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૦/- પટેલ દેવેશકુમાર પ્રકાશભાઈ કરમસદ (બાયડ)
તા. ૩૦-૧-જન્મદિન નિમિત્તે
૧૦૧/- અ.નિ. ચંપાબેન કાનજીભાઈ પટેલના સ્મરણાર્થે ખેરોલ
૧૦૧/- ચાવડા લક્ષ્મણભાઈ જે. ચિ. સુપુત્રી મિનલને સ્વા. બાગ મેમનગર
ત્યાં ભાણીના શુભ જન્મ પ્રસંગે તા. ૩-૧-૧૨
૧૦૧/- જાદવ કરશનભાઈ માલુભાઈ ચિ. દિગ્વિજયને વેજલકા
ત્યાં પુત્રીના શુભ જન્મ પ્રસંગે તા. ૩-૧-૧૨

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥

પ.પૂ.સદ્.શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુલ
હળવદ રોડ, પોસ્ટ બોક્ષ નં.૨૨,મુ.તા.ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર
તા.૨૮/૦૧/૨૦૧૨

પ્રતિ

પ.પૂ.સદ્. મહંત સ્વામી શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, મુળીધામ

**વિષય : મુળીદેશનાં ત્યાગીપત્રકમાંથી સમંડળ મારુ નામ રદ કરવા બાબત.**

જય શ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે, હું સાધુ રામકૃષ્ણદાસજી સ્વામી ગુરુ અ.નિ.પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી વિજ્ઞાનજીવનદાસજી સ્વામી મૂળીધામ.

હું ૩૪ વર્ષથી મુળીદેશમાં સંપ્રદાયનાં ત્યાગાશ્રમનાં નિયમોનુસાર રહી સંપ્રદાયનાં નિયમાનુસાર ભજન-ભક્તિ સાથે સત્સંગનાં સેવાકાર્ય કરતો રહ્યો છું. હું તથા મારુ ત્યાગી શિષ્યમંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર, મુળીદેશનું નાગરીકત્વ ધરાવીએ છીએ.

વર્તમાન સમયે મારુ તથા મારા સંતમંડળનું શ્રી સ્વામિનારાયણ મંદિર, મુળીધામ માંથી નામ રદ કરવા આપશ્રીનાં ચરણોમાં નમ્ર વિનંતી કરું છું. મારી વિનંતીને આપ સ્વીકારી કૃતજ્ઞ કરશોજી.

અમો ત્યાગી સંતમંડળના નામો નીચે મુજબ છે.

(૧) સાધુ રામકૃષ્ણદાસ - પોતે (૨) સાધુ વિશ્વજીવનદાસ (૩) સાધુ દિવ્યસ્વરૂપદાસ, (૪) સાધુ જગતપ્રકાશદાસ, (૫) સાધુ ધર્મનંદનદાસ, (૬) સાધુ ભજનપ્રકાશદાસ, (૭) સાધુ ભક્તવત્સલદાસ, (૮) સાધુ નિત્યપ્રકાશદાસ, (૯) સાધુ હરિકૃષ્ણદાસ, (૧૦) સાધુ વિશ્વમંગલદાસ, (૧૧) સાધુ નિર્મળચરણદાસ,
(૧૨) પાર્ષદ અવિનાશ ભગત, (૧૩) પાર્ષદ રમેશ ભગત, (૧૪) પાર્ષદ ભાવેશ ભગત

લિ. સાધુ રામકૃષ્ણદાસ
(સાધુ રામકૃષ્ણદાસનાં જય શ્રી સ્વામિનારાયણ)

## અમદાવાદ અને મૂળી દેશના હરિભક્તોને સૂચન

આથી સમસ્ત સત્સંગને જણાવવાનું કે, **શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુલ, ધ્રાંગધ્રા** સાથે શ્રીનરનારાયણદેવ દેશ અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશ સાથે કોઈ જોડાણ કે સંલગ્ન નથી. જેથી દેશ વિદેશના સર્વે હરિભક્તોએ તેની ખાસ નોંધ લેવી. કોઈ ગેરસમજથી હરિભક્તોને ખબર ન હોય જેથી આ સૂચનને ખાસ ધ્યાનમાં લેવું.

- આજ્ઞાથી

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.